श्री

# જૈનધર્મ પ્રકાશ.

लक्ष्मीर्दानविवेकसंगममयी श्रद्धामयं मानसं ।
धर्मः शीलदयामयः सुचरितश्रेणीमयं जीवितं ॥
बुद्धिः शास्त्रमयी सुधारसमयं वाग्वैभवोज्जृंभितं
व्यापारश्च परार्थनिर्मितिमयः पुण्यैः परं प्राप्यते ॥


પુસ્તક ૩૫ મું ] પોષ—સંવત ૧૯૭૬. વીર સંવત ૨૪૪૬. [ અંક ૧૦ [illegible]

પ્રગટકર્તા,

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.


अनुक्रमणिका.


૧ અમારૂં વર્ણન (પદ્ય) ... ... ૨૯૯
૨ ચેતનને ઉપદેશ ... ... ૩૦૦
૩ સૂક્તમુક્તાવળી ... ... ૩૦૨
૪ શ્રી દેવચંદ્રજી કૃત રત્નસાર પ્રશ્નોત્તર. ૩૦૬
૫ ઉદ્યમ અને કર્મનો સંવાદ ... ૩૧૦
૬ નવ યુવકને સાંપ્રત કર્તવ્ય વિષે ઉપદેશ. ... ... ... ૩૧૭
૭ સ્ફુટ નોંધ અને ચર્ચા.... ... ૩૨૬



REGISTERED No. B. 153

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦.
ભેટના પોસ્ટેજ સહિત.

[illegible] ભાવનગર શ્રી આનંદ પ્રી. પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઈએ [illegible]

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

(१) હાલમાં છપાય છે.

૧ કર્પૂરપ્રકર--મોટી ટીકાયુક્ત, સંસ્કૃત માગધી કથાવાળું. ( તૈયાર થાય છે. )
( સહાયક શા. હીરાચંદ લક્ષ્મીચંદ ઇડરવાળા )
૨ શ્રીઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ. વિભાગ ૩ જો. સ્થંભ ૧૩ થી ૧૮.
( ભાવનગર શ્રાવિકાસમુદાયના પ્રથમના નિષ્પન્નમાંથી )
૩ શ્રીઉપમિતિભવપ્રપંચા કથા ભાષાંતર. ( સભા તરફથી )
૪ શ્રીમલ્લીનાથ ચરિત્ર ભાષાંતર. ( નગીનદાસ કરમચંદ. પાટણ.)
૫ શ્રીઉપદેશસપ્તતિકા ભાષાંતર. ( કથા સિવાય )
( બાઇ જીવીબાઈ તથા સાંકળીબાઈ—અમદાવાદ )
૬ શ્રીવૃહતક્ષેત્રસમાસ. મોટી ટીકા સહિત.
૭ નવકાર માહાત્મ્ય ભાષાંતર તથા કૂર્માપુત્ર ચરિત્ર ભાષાંતર.
૮ તત્ત્વામૃત ગ્રંથનું ભાષાંતર. ( જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ સારૂ )

## (૨) તરતમાં છપાવા શરૂ થશે.

૯ તત્ત્વામૃત ગ્રંથ. મૂળ. ટીકા સહિત. ( શા. કુંવરજી આણંદજી )
૧૦ ક્ષમાકુળક છાયા, અર્થ, વિવેચનયુકત. (બાઇ સમરત તથા જડીબાઇ—ભાવનગર)

(૩) તૈયાર થયેલા છે ને થાય છે.

૧૧ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર, ( તૈયાર છે. )
૧૨ શ્રીઉપદેશપ્રાસાદ. મૂળ. વિભાગ ૪થો. ( સ્થંભ ૧૯ થી ૨૪ ) તૈયાર છે.
૧૩ શ્રીહેમચંદ્રાચાર્ય ચરિત્ર. ( તૈયાર થનાર છે. )
૧૪ શ્રી ધન્ના ચરિત્ર ભાષાંતર. ( થાય છે. )
(છેવટના ચાર ને નંબર ૬ના ગ્રંથ માટે સહાયકની અપેક્ષા છે. ઇચ્છા હોય તેણે લખવું.)

---

## બારમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

આ કોન્ફરન્સની બેઠક સાદરી—મારવાડ ખાતે પોસ શુદ ૨–૩–૪ થે આનંદથી થઈ ગઇ છે. કોન્ફરન્સનો પ્રયાસ ફળિભૂત થયો છે. તેનો સવિસ્તર હેવાલ બંને પ્રમુખના ભાષણો તથા ઠરાવો વિગેરે આવતા અંકમાં આપવામાં આવશે. આવતા માહ—ફાગણનો અંક તેજ કારણસર ભેળો બહાર પાડવામાં આવશે.

---

## એક ધર્મિષ્ઠ જૈન બંધુનો ધોલેરા ખાતે સ્વર્ગવાસ.

શા. બકોરભાઇ ચતુર્ભુજ માગશર શુદિ ૫ મે શુભધ્યાન પરાયણપણે પરમાત્માનું નામ સ્મરણ કરતાં સ્વર્ગવાસી થયા છે. એઓ નિરંતર ધર્મક્રિયાપરાયણ હતા. બોધ પણ સારો હતો. ધોલેરાખાતે એમની પૂરી ખામી પડી છે. દિનપરદિન ધર્મચુસ્ત મનુષ્યોની શ્રી સંઘમાં ખામી પડતી જાય છે. ભાવી પાસે નિરૂપાયપણું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वाञ्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद्
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૫ મું.] પોષ–સંવત ૧૯૭૬. વીર સંવત–૨૪૪૬. [અંક ૧૦ મો.

## અમારૂં વર્તન.

( લે૦—શી. છ. શાહ. )

અનુસંધાન પૃષ્ટ ૨૬૮ થી.

અમારી જે પરિણીતા, શીખી સંસર્ગે રીત ચીત્યા,
અમારી જોય તે ચાહે, ચતુરા ઢાળની રાહે;
અમારાં વસ્ત્ર આછાંથી, અમારા દેહ નકશાનો,
નિહાળો રંગ બહુ સારો, અમોને ઢંગ એ ફાવ્યો. ૧૯
અમારી નારીના વેશો, વદંતાં લાજ બહુ આવે,
તથાપિ લેશ ના લાજે, જમાનો સર્વને ભાવે;
ખુદાના હુક્મ સરખા છે, અમારૂં જ્ઞાન એવું છે,
બહેને ભેદ સ્વાતંત્ર્યે, અને સ્વચ્છંદતામાંહિ. ૨૦
અમારે ભેદ ના લાવુવા, અમારે વેદ ના ગણવા,
અમારા વેદ છે જુદા, અમારા પાઠ છે જુદા;
અમારી નારીની વાણી, અમારી શાણીની વાણી,
પડતાં બોલ ઝીલાણી, તિહાં સ્વાતંત્ર્ય બલિહારી. ૨૧
અમારી નારી શીરતાજ, થઇ છે કાયદાબાજ,
અમારે ત્યાં સ્ત્રિયારાજ્ય, ખરૂં સ્વાતંત્ર્ય સામ્રાજ્ય;
અમારા ચાટીને બેબા, અમારા બહુ શેઠીયા,
અમે નિજ રાખીએ માન, કરીને આંખ આડા કાન. ૨૨
અમારો દેહ છે દુર્બળ, તથાપિ ચાઇલ્ડ છે નોબલ,
અમારી ચાલ છે નોબલ, અમારી વાત છે નોબલ;

For Private And Personal Use Only

વહુઓ દીકરી નોબલ, અમારા દીકરા નોબલ,
અમારૂં સર્વ છે નોબલ, અમારી ખામીમાં ના બળ. ૨૩

* * * *

બધું પશ્ચિમથી શીખ્યા, નહિ શીખ્યા કમાવાનું,
કદી પશ્ચિમથી શીખ્યા, નહિ વિજ્ઞાની થાવાનું;
હૃદયના માર્ગ સદ્ગુણો, નહિ પશ્ચિમથી શીખ્યા,
પછી તો અસ્ત થાવાનું, જુઓ પશ્ચિમનો સવિતા. ૨૪

* * * *

બધા આ શોખને માટે અમારે દ્રવ્ય તો જોઇએ,
અમારા ધીરનારાને અમારે આંજવા જોઇએ;
અમારા ધાપના ધંધા, પ્રથમથી દાનતો ખોટી,
કરીને ડોળ આડંબર, અમારી વાત તો મોટી- ૨૫
અમારા લેણદારોથી, અમારે નાહિ ડરવાનું,
અમારા ધક્ક નિશ્ચયથી, અમારે નાહિ ફરવાનું;
અમોને કાયદા શાસ્ત્રી, બતાવે કાયદા એવા,
ભલે શિર ઢોલ તો વાગે, નિરાંતે ઉંઘીએ તેવા. ૨૬

* * * *

તવંગર કે ભલે રંકો, બધાનાં મૂકજો અંકો,
જમાનાના જ ઉત્સવમાં, બધાએ ફૂંકતા શંખો;
ન્યુનાધિક હા ભલે હોયે, તથાપિ નૃત્ય સૌને ત્યાં,
અમારો દેશ પશ્ચિમનો, થયો છે ભૃત્ય આજે હા! ૨૭

## ચેતનને ઉપદેશ.

### ધીરાની કાફીનો-રાગ.

ચેતન તું ચેતી લેજે રે, શું દુનિયામાં છે તારૂં;
મસ્ત થઇ માયામાં રે, માની બેઠો છે મ્હારૂં.
બંધ થશે નાડીની ગાડી, બંધ થશે દશ દ્વાર;
દુનિયાં દુઃખદાયી દેખાશે, પ્યારી કરે પુકાર,
કુંવર રડે એક કોરે રે, ત્યાં શું સાથે થાનારૂં. ચેતન તું૦ ૧
જોબન તો છે જળનો ગોટો, વણસાતાં નહિ વાર;
જાણે વીજળીનો [illegible], [illegible] જાતી [illegible].

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી નહીં વળવાનો રે, કર એમાં સુકૃત સારૂં. ચેતન તું૦ ૨
ધન પણ કોઈ પુરૂષની પાસે, ઠરે નહિ કરી ઠામ;
પાંડવ પાંચે નૃપના પુત્રો, ગયા ત્યાગી ધન ધામ,
માટે ત્યાં શું મ્હોલું રે, અંદર પેટે અંધારૂં. ચેતન તું૦ ૩
મોટાં મોટાં મંદિર મૂકી, મૂકી મનોહર બાગ;
માલ ખજાના મંડપ મૂકી, મૂકી પૈસા પોશાક,
મોટા મોટા મહિપતિ રે, ચાલ્યા તજી એ સહુ ચારૂ. ચેતન તું૦ ૪
ધનને ભાળી ભરમાશો નહિ, ભરમ એજ છે ભૂલ;
ટકયું નથી ને નથી ટકવાનું, પ્રાણાન્તે પ્રતિકૂળ,
જાવું તજીને જાતે રે, જીવ સાથ નથી જનારૂં. ચેતન તું૦ ૫
તનડું પણ પાણી પરપોટો, ફૂટ દઈ ફૂટી જાય;
એજ રીતે રોલાઇ જનારૂં, તેમાં શું તલસાય,
ત્યાંજ સુધી એ તારૂં રે, ચિતામાંહી છે ચઢનારૂં. ચેતન તું૦ ૬
ખોરી ખોરી સખત ઘાવથી, ભસ્મ કરે તન ભાઇ;
સળગી જાશે સ્વલ્પ સમયમાં, સાચી નથી સગાઇ.
ફરી કદી નથી મળવું રે, કર્મ સાથ સંચરનારૂં. ચેતન તું૦ ૭
ત્રાહી ત્રાહી પુકારે પ્રાણી, કીધાં નહી શુભ કાજ;
એનાં ફળ હું અવલોકું છું, અરે! અરે! કહી આજ.
પીડા પૂરણ પડે છે રે, આ દુઃખ કોને ઉચ્ચારૂં. ચેતન તું૦ ૮
ગાડી ઘોડા લાડી વાડી, હીરા માણેક હાટ;
એ કોઇ જીવ સંગાથ ન આવે, નાવે પૃથ્વી વાટ,
અંત સમે સહુ અલગું રે, કોઇ સાહ્ય નહિ કરનારૂં. ચેતન તું૦ ૯
જૂઠા જગની સગાઇ જૂઠી, જૂઠો જગનો પ્રેમ;
સાચું છે સ્વાત્માનું શરણું, સ્વાત્મ ભજનમાં ક્ષેમ,
સમજી સજ્જન એવું રે, પ્રભુ ભજન કરજો પ્યારૂં. ચેતન તું૦ ૧૦
બુદ્ધિસાગર ગુરૂના જ્ઞાને, સમજ્યો સત્ય સ્વરૂપ;
અજીતસાગર થયો હવેથી, ભૂપતણો પણ ભૂપ,
હૈડું તો હરખાયું રે, સમજ્યા સ્વાત્મ ભજન સારૂં. ચેતન તું૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सूक्तमुक्तावळी.

( અનુસંધાન પૃષ્ટ ૨૭૫ થી ).

## અર્થ વર્ગ.

## ૪૬ મૈત્રી ( મિત્રતા ) વર્ણન અધિકાર.

કરી કનક સરીસી, સાધુ મૈત્રી સદાઇ,
ઘસિ કસિ તપ વેધે, જાસ વાણી સવાઇ;
અહુવ કરહુ મૈત્રી, ચંદ્રમા સિંધુ જેહી,
ઘટ ઘટ વધ વાધે, સારિખા બે સનેહી. ૨૦

ઇહ સહજ સનેહે, જે વધે મિત્રતાઇ,
રવિપરિ ન ચળે તે, કંજ જયું બંધુતાઇ;
હરિ હળધર મૈત્રી, કૃષ્ણને જે છ માસે,
હળધર નિજ ખંધે, લે ફર્યો જીવ આશે. ૨૧

**ભાવાર્થ**—અહો ભવ્યાત્માઓ! મિત્રતાઇ કરવી તો શુદ્ધ સુવર્ણ જેવા નિર્દોષ સાધુ-સજ્જન સંગાતે જ કરવી, કેમકે જેમ સોનાને કસોટીએ ચઢાવવામાં આવે છતે તેની ખરી કિંમત થાય છે અને તેને સખ્ત અગ્નિનો તાપ આપવાથી મળની શુદ્ધિ થતાં તેનો સવાયો વાન વધે છે, એટલે તેની કિંમત પણ વધે છે, તેમ ખરા મિત્રની પરીક્ષા કહો કે કિંમત પણ કષ્ટ કે આપદા પડતાં જ થઈ શકે છે. તેવા પ્રસંગે ખરો મિત્ર જૂદાઇ બતાવતો નથી, એટલું નહિ પણ પ્રસન્ન ચિત્તથી-ઉદાર દીલથી બનતી બધી સહાય કરવા તત્પર રહે છે અને પોતાની ફરજ બરાબર બજાવે છે. ખરો મિત્ર સુખમાં અને દુઃખમાં સમભાગી બને છે. અથવા ચંદ્રમા અને સાગર જેવી ગાઢ પ્રેમભરી મૈત્રી કરવી. જેમ પૂર્ણ ચંદ્રકળાના યોગે સમુદ્રની વેલ વધે છે અને તેની શોભામાં પણ વધારો થાય છે તેમ સંત સુસાધુજન સંગાતે મૈત્રી કરવાથી સુયોગ્ય જીવમાં ગુણનો પુષ્કળ વધારો થવા પામે છે, એટલું જ નહિ પણ તેથી તેની પ્રતિષ્ઠા પણ બહુ સારી વધવા પામે છે. ૧

જે શુદ્ધ નિષ્ઠાથી ( સાફ અંતઃકરણથી ) મિત્રતા બાંધે છે તે ચળતી કે વિછડતી નથી; અર્થાત્ તે કાયમ નભે છે. જેવી પ્રીતિ પંકજ અને સૂર્ય વચ્ચે છે-સૂર્યનો ઉદય થતાં પંકજ-કમળ વિકસે છે-ખીલે છે અને સૂર્યાસ્ત થતાં પાછું કમળ [illegible]ચાઈ જાય છે, તેવી પ્રીતિ સજ્જનો વચ્ચે હોય છે. તે એક બીજાનો ઉદય-

For Private And Personal Use Only

થાય છે–સંકોચ પામે છે. બળદેવ અને વાસુદેવની એવી જ ગાઢ પ્રીતિ હોય છે. જ્યારે કૃષ્ણવાસુદેવ કાળવશ થયા ત્યારે બળદેવજી કેવળ ગાઢ સ્નેહ–મોહવશ તેમને જીવતા જાણી છ માસ સુધી તેના દેહને પોતાના ખભા ઉપર લઈને ફર્યા હતા. કેટલીક વખત એકબીજાનો વિયોગ થતાં દારૂણ દુઃખ થવાથી પ્રાણત્યાગ પણ થઈ જાય છે, જેથી દૂધ–જળ જેવી મૈત્રી વખાણી છે. ૨

પરમાર્થ—મિત્રની ખરી પરીક્ષા કષ્ટ આવી પડતાં થાય છે. સખ્ત અગ્નિનો તાપ લાગતાં સોનું ચોખ્ખું થાય છે ત્યારે પિતળ શ્યામ થાય છે–ઝાંખું પડે છે. ખરે સજ્જન મિત્ર જેમ સુખમાં ભાગ લે છે તેમ દુઃખમાં પણ પૂરતી મદદ કરે છે. ખરા નિઃસ્વાર્થી મિત્રનાં લક્ષણ આ પ્રમાણે વર્ણવ્યાં છેઃ–તે આપણને પાપથી (પાપ-કર્મથી) નિવારે છે–બચાવે છે અને સત્કર્મમાં જોડે છે, આપણી ગુપ્ત વાત ગોપવે છે અને સદ્ગુણ વખાણે છે–વિસ્તારે છે, તે કષ્ટપ્રાપ્તને તજી દેતો નથી પણ તેને અવસરોચિત મદદ, ટેકો કે આલંબન આપીને તેનો ઉદ્ધાર કરવા ચહે છે. અભયકુમાર જેવા બુદ્ધિશાળી અને ધર્મચુસ્ત સજ્જન મિત્રો જગતમાં વિરલા જ હોય છે. પૂર્વોક્ત લક્ષણોથી તેમની સજ્જનતા સ્પષ્ટ થઈ શકે છે. ગૃહસ્થ–મિત્રો કરવા તો એવાનેજ કરવા, કે જેઓ બને તેટલો સ્વાર્થત્યાગ કરીને પરહિત કરવામાં જ તત્પર રહે. સોનાને ગમે તેટલું તપાવે તોપણ તેનો વાન વધતો જ જાય છે, સેલડીના શત ખંડ કરે તોપણ તે તો સરસ રસ જ આપે; અને ચંદનને ગમે તેટલું ઘસે, છેદે, કાપે, પીલે કે બાળે તો પણ તે ખુશબોદાર સુગંધી જ આપે; કેમકે તેજ તેનો મૂળ જાતિસ્વભાવ છે. તેવીજ રીતે ઉત્તમ સજ્જનોને પણ પ્રાણાન્ત કષ્ટ આવી પડે તો પણ તે પોતાની સજ્જનતા તજે નહીં જ. સન્ત મહાત્માઓ તો જ ઉત્તમ હોય છે. તેઓ ચંદ્રમાની જેવા શીતળ, સાગરની જેવા ગંભીર અને ભારંડ પંખી જેવા પ્રમાદરહિત હોય છે. તેઓ હિંસાદિક પાપમાત્રના ત્યાગી અને અહિંસા, સત્યાદિક મહાવ્રતના ધારક હોય છે. રાજા અને રંક, તૃણ અને મણિ, કનક અને પથ્થર એમને સમાન ભાસે છે. મમતારહિત થવાથી તેમને સહુના ઉપર સમાન ભાવ હોય છે. વળી માન–અપમાન, નિંદા–સ્તુતિ તરફ નિજ લક્ષ દેતા નથી, તેથી તે હર્ષ–શોકને પ્રાપ્ત થતા નથી, દુનિયામાં સઘળી શુભ ઉપમા એમને છાજે છે. એવા નિઃસ્પૃહી, સત્યનિષ્ઠ સાધુ–મહાત્માનું એકનિષ્ઠાથી શરણ લેનાર સુભાગી જનોનું શ્રેય થાય જ.

## ૪૭ જુગાર પ્રમુખ દુર્વ્યસનો ટાળી સુમાર્ગે ચાલવા હિતોપદેશ.

મલિન મલિન શોભા, સાંજથી જેમ થાયે,
[illegible] જાયે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુવિસન તિણિ હેતે, સર્વથા દૂર કીજે,
જનમ સફળ કીજે, મુક્તિકાંતા વરીજે. ૨૨

## દ્રુતવિલંબિત.

સુગુરૂ દેવ જિહાં નવી લેખવે, ધન વિણા સહુએ જિણ ખેલવે;
ભવભવે ભમવું જિણ ઉવટે, કહોને કોણ રમે તિણ જૂવટે. ૨૩ (દ્યુત.)

## ઉપજાતિ.

જે માંસલુબ્ધા નર તે ન હોહે, તે રાક્ષસા માનુષ રૂપ સોહે; (માંસભક્ષણ)
જે લોકમાં નર્ક નિવાસ ઓરી, નિવારિયે તે પરદ્રવ્ય ચોરી. ૨૪ (ચોરી)

## ભુજંગપ્રયાત.

સુરાપાનથી ચિત્ત સંભ્રાંત થાયે, ગળે લાજ ગંભીરતા શીળ જાયે;
જિહાં જ્ઞાનવિજ્ઞાન સુઝે ન સુઝે, ઇશું મદ્ય જાણી ન પીજે ન દીજે. ૨૫
(મદ્યપાન.)

કહો કોણ વેશ્યાતણો અંગ સેવે, જિણે અર્થની લાજની હાણિ હોવે;
જિણે કોશ સિંહગુફાએ નિવાસી, છળ્યો સાધુ નેપાળ ગ્યો કંબળાશી. ૨૬
(વેશ્યાગમન.)

## રથોદ્ધતા વૃત્ત.

મૃગયાને તજ જીવઘાત જે, સઘળા જીવદયા સદા ભજે;
મૃગયાથી દુઃખ જે લહ્યાં નવાં, હરિ રામાદિ નરેંદ્ર જેહવાં. ૨૭
(શિકાર.)

## ચોપાઇ.

સ્વર્ગ સૌખ્ય ભણિ જો મન આશા, છાંડે તો પરનારી વિલાસા;
જેણુ એણુ નિજ જન્મ દુઃખ એ, સર્વથા ન પરલોક સુખ એ. ૨૮
(પરનારી ગમન.)

**ભાવાર્થ:**—જેમ જેમ સાંઝ પડતી જાય તેમ તેમ વસ્તુની શોભા મલિન થતી જાય-ઝાંખી પડતી જાય તેમ દુર્વ્યસનોથી સંપત્તિ અને કીર્ત્તિ બંને નાશ પામે. તે માટે કુવ્યસનો સર્વથા તજવા અને સદાચરણવડે જન્મ સફળ કરવો કે જેથી પરિણામે મુક્તિવધુને વરી શકાય.

આ કુવ્યસનો મુખ્ય સાત પ્રકારના છે. તે સાતેને માટે પૃથક્ પૃથક્ હાનિ બતાવે છે. ૧ પ્રથમ દુર્વ્યસન જુગટું રમવું તે છે. જે રમવામાં ધન વિના બીજા [illegible] ક્રિયામાં [illegible] અને જે વ્યસનથી ભવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવમાં ઉન્મટે-ઉન્માર્ગે દુર્ગતિમાં ભમવું પડે છે તેવું જુગટું કોણ સજ્જન રમે? ૨ બીજું દુર્વ્યસન માંસભક્ષણ કરવું તે છે. જે મનુષ્ય માંસભક્ષણ કરે છે તે મનુષ્ય નથી પણ મનુષ્યરૂપે રાક્ષસજ છે. ૩ ત્રીજું દુર્વ્યસન ચોરી કરવી તે છે. ચોરી આ લોકમાં જ નર્કનિવાસ જેવી છે, એવી ચોરી ઉત્તમ પુરૂષ કદી કરે નહીં. ૪ ચોથું દુર્વ્યસન મદ્યપાન કરવું તે છે. મદિરા પીવાથી ચિત્ત ભ્રાંતિવાળું-ભ્રમિત થાય છે, લાજ નાશ પામે છે, ગંભિરતા અને સદાચાર પણ નષ્ટ થાય છે. જ્ઞાનવિજ્ઞાન તો મેળવેલું હોય તે પણ મુંઝાઈ જાય છે-સૂઝતું નથી. એમ જાણીને પોતે મદ્ય પીવું નહીં અને બીજાને પીવા દેવું નહીં-પાવું નહીં. ૫ પાંચમું દુર્વ્યસન વેશ્યાગમન કરવું તે છે. ઉત્તમ પુરૂષો કદી પણ વેશ્યાગમન કરતા નથી. વેશ્યાગમનથી લાજની અને દ્રવ્યની બંનેની હાનિ થાય છે. જુઓ સિંહગુફાવાસી મુનિ કે મહા તપસ્વી હતા અને જેના પ્રભાવથી વિકરાળ સિંહ પણ તેને કાંઇ ઉપદ્રવ કરી શકતો નહોતો-શાંત થઇ જતો હતો, તેજ મુનિ સ્થૂળિભદ્રની ઈર્ષ્યાથી કોશ્યાવેશ્યાને ત્યાં ચાતુમાસ કરવા આવ્યા. કોશ્યાના એક કટાક્ષ માત્રથીજ ઘાયલ થઇ ગયા અને કામસેવાની પ્રાર્થના કરી. કોશ્યાએ દ્રવ્યની આવશ્યકતા પહેલી બતાવી, તેથી લક્ષમૂલ્યનું રત્નકંબળ લેવા મુનિપણાને બાજુપર મૂકીને ચોમાસામાં નેપાળ દેશે ગયા. વેશ્યાગમન આટલું બધું હાનિકારક છે; તેથી તે અવશ્ય તજવા લાયક છે. ૬ છઠું દુર્વ્યસન શિકાર કરવો તે છે. શાસ્ત્રકાર કહે છે કે હે ઉત્તમ પ્રાણી! તું મૃગયા-શિકાર કે જે જીવઘાત રૂપ છે તેને તજી દે અને સર્વ જીવપરની દયાને સદા-નિરંતર ભજ-અંગીકાર કર. જુઓ મૃગયાથી કૃષ્ણ રામચંદ્રાદિ જેવા મહાન્ રાજા પણ અનેક પ્રકારનાં દુઃખ પામ્યાં છે. ૭ સાતમું દુર્વ્યસન પરસ્ત્રીગમન કરવું તે છે. ઉત્તમ પુરૂષો નિરંતર સ્વદારાસંતોષીજ હોય છે. શાસ્ત્રકાર કહે છે કે-જો તને સ્વર્ગનાં સુખ મેળવવાની ઇચ્છા કે આશા હોય તો તું પરનારીના વિલાસને-તેના સંસર્ગને સર્વથા તજી દે. પરદારાગમનથી આ જન્મમાં પણ દુઃખ છે અને પરલોકમાં પણ સર્વથા સુખની પ્રાપ્તિ થતી નથી. દુઃખજ પ્રાપ્ત થાય છે.

જૂવા ખેલણ પાંડવા વન ભમ્યા, મદ્યે બળી દ્વારિકા,
માંસે શ્રેણિક નારકી દુઃખ લહ્યાં, બાંધ્યા ન કે ચોરિકા;
આખેટે દશરથ પુત્ર વિરહી, કેવન્નો વેશ્યા ઘરે,
લંકાસ્વામી પરસ્ત્રિયા રસ રમે, જે એ તજે તે તરે. ૨૯

જુગાર, માંસ, દારૂ, વેશ્યા, આહેડો (શિકાર), ચોરી અને પરસ્ત્રી સેવા એ સાત કુવ્યસનો સેવ્યા છતાં જીવને અતિ ઘોર નરક ગતિમાં લઈ જાય છે અને અહીં પણ અનુક્રમે લક્ષ્મીની અને કીર્તિની ભારે હાનિ કરે છે. એમ સમજી આપણું એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોએ ઉક્ત સાત કુવ્યસનોને સર્વથા તજવા જોઇએ. એ કુવ્યસનો તજવાથીજ પવિત્ર ધર્મકરણી કરવાની સુબુદ્ધિ સૂઝે છે અને સ્વજન્મ સફળ કરી પરિણામે મોક્ષલક્ષ્મી સહેજે પ્રાપ્ત થાય છે. તપાસ કરો ! જુગારથી પાંડવોને ૧૪ વર્ષ સુધી આમતેમ રાજપાટ તજી ભટકવું પડયું, સુરાપાનથી યાદવોની દ્વારિકાનો અગ્નિયોગે વિનાશ થયો; માંસભક્ષણવડે શ્રેણિકરાજાને નરકનાં દુઃખ ભોગવવાં પડ્યાં, ચોરીવડે અનેક ચોરો પ્રગટ વધ બંધનાદિક પામે છે, આહેડા કર્મવડે રામચંદ્રજીને સતી સીતાનો વિયોગ થયો, વેશ્યાગમન વડે કેવન્નો શેઠ ધન રહિત થઇ અપમાન પામ્યો, અને રાવણ પરસ્ત્રીના વિષયરસ વડે લંકા નગરીનું રાજ્ય હારી, મરણ શરણ થઇ નરકગતિમાં ગયો, જેથી દુનિયામાં તેની ભારે અપકીર્ત્તિ થઇ. એમ સમજી જે સુજ્ઞ જનો એ કુવ્યસનો સર્વથા તજે છે તેઓ સર્વ રીતે સુખી થાય છે. આ સાત કુવ્યસનો ઉપરાંત શરીરની પાયમાલી કરનારા અને લક્ષ્મી પ્રમુખની હાનિ કરનારા અફીણ, ગાંજો અને તમાકુ વિગેરે જે જે કુવ્યસનો–અપલક્ષણો હોય તેને સ્વપર હિત ઇચ્છનારાઓએ જલ્દી તિલાંજલિ દેવી જોઇએ. સ્વપર હિતમાં હાનિ થાય એવું એક પણ કુવ્યસન રાખવું ન જોઇએ. સ્વસંતતિ અને દેશની આબાદી ઇચ્છનારે પણ એમ જ કરવું જોઇએ. ઇતિશમ્.

## श्री देवचंदजी कृत रत्नसार उद्धरित प्रश्नोत्तर.

( લેખક અને સંગ્રાહક મુ૦ કર્પૂરવિજયજી. )

અનુસંધાન પૃષ્ટ ૨૮૦ થી.

પ્ર૦—જીવને કર્મ સંબંધી કરજ તથા કર્મજનિત ભાવદરિદ્રપણું શી રીતે ટળે ?

ઉ૦—રાગ દ્વેષ અને મોહવશ પડેલા જીવને દેવું અને દરિદ્રપણું વાસ્તવિક રીતે વધતાજ જાય છે, તે તો રત્નત્રયીની પ્રાપ્તિવડેજ ટળી શકે. તે એવી રીતે કે દર્શન–સમકિત ગુણ પ્રાપ્ત થવાથી દ્વેષભાવ ટળે અને સમભાવ પ્રગટે, એથી સમ્યગ્ જ્ઞાનગુણનો પ્રકાશ થાય, તેવડે પરવસ્તુ ઉપરનો મોહ ઘટે, વૈરાગ્ય પ્રગટે અને ચારિત્ર ગુણની પ્રાપ્તિ થઇ શકે. તેથી રાગ દ્વેષ અને મોહજનિત દેવું અને દરિદ્રપણું વાસ્તવિક રીતે દૂર થઇ શકે.

પ્ર૦—મોહરાજાનો મૂળ મંત્ર કયો ?

ઉ૦—'હું અને મ્હારૂં' એ મોહનો મૂળ મંત્ર છે. તેથીજ મૂઢજનો 'અહંતા અને મમતા' કરીને મરે છે–વારંવાર કદર્થના પામે છે અને પોતાના સહજ સ્વાભાવિક સ્વરૂપ ( સુખ ) ને પામી શકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦—મોહનોજ પરાભવ કરવા સમર્થ પ્રતિમંત્ર કયો ?

ઉ૦—'નેતિ નેતિ'–'નહિ હું અને નહિ મ્હારૂં' એવી દ્રઢ માન્યતાભર્યાં આચરણથી મોહનો મદ ગળી જાય છે, અને શુદ્ધબુદ્ધ ઠેકાણે આવતાં આત્મા નિર્મળ થાય છે. વાસ્તવિક રીતે તો રાગ દ્વેષ મોહાદિક વિકારરહિત શુદ્ધ આત્મા તેજ 'હું' અને શુદ્ધ જ્ઞાનાદિક ધનજ 'મ્હારૂં' લેખવા યોગ્ય છે. તે સિવાય બીજો કોઇ 'હું' એ નથી, તેમજ બીજું કશું 'મ્હારૂં' નથી. એજ મોહનો નાશ–પરાભવ કરવા સમર્થ પ્રતિમંત્ર સમજવાનો છે.

પ્ર૦—જીવ આઠ કર્મવર્ગણાદલિક કેવી રીતે વહેંચી આઠે કર્મમાં આપે છે ? કોને ન્યૂન, સરખાં કે અધિક આપે છે ?

ઉ૦—સમયે સમયે જીવ જે કર્મવર્ગણાઓ ગ્રહે છે તે આઠે કર્મને વિભાગે વહેંચાઇ જાય છે. તે આ પ્રમાણે–સર્વથી થોડાં દળ આયુ કર્મને, તેથી વિશેષાધિક પણ સરખી રીતે નામ અને ગોત્રકર્મને, તેથી વિશેષાધિક પણ સરખી રીતે જ્ઞાનાવરણી, દર્શનાવરણી તથા અંતરાય કર્મને, તેથી સંખ્યાત ગુણાધિક મોહનીય કર્મને, તેથી અધિક વેદનીય કર્મને, કેમકે વેદનીય વિપાક જીવને થોડા દળે પ્રગટપણે જણાય નહિ. એ અધિકાર શ્રી ભગવતી સૂત્રથી જાણવો. સર્વથી ઓછાં દળ આયુકર્મને અને સૌથી વધારે વેદનીયને વહેંચાઇ જતા જાણવા. કોઇ કોઇ કર્મને સરખાં પણ જાય છે.

પ્ર૦—અભિસંધિજ અને અનભિસંધિજ આત્મવીર્ય શું ?

ઉ૦—ઉપયોગ પૂર્વક આત્મવીર્ય (ફોરવવું) તે અભિસંધિજ અને અનુપયોગ–ઉપયોગ રહિત આત્મવીર્ય તે અનભિસંધિજ.

પ્ર૦—સમ્યક્ત્વ મોહનીયને કોણ અને કેવી રીતે વેદે ?

ઉ૦—ક્ષાયોપશમિક સમકિતવંતને સમ્યકત્વ મોહનીયનો ઉદય હોય પણ ઉપશમ અને ક્ષાયિક સમકિતવંતને તેનો ઉદય ન હોય. ઉપશમ સમકિતવંતને તે સત્તામાં હોય. ક્ષાયિકવાળાએ તે નિર્મૂળ કરેલ હોય. જિનપ્રણીત સૂક્ષ્માર્થ વાત મધ્યે મુંઝાય તે સમ્યકત્વ મોહનીયનું લક્ષણ જાણવું.

પ્ર૦—બાવીશ પરિષહોમાં કયા પરિષહો અનુકૂળ અને કયા પ્રતિકૂળ ?

ઉ૦—સ્ત્રી અને સત્કાર પરિષહ અનુકૂળ અને બાકીના પ્રતિકૂળ.

પ્ર૦—ઉપસર્ગ અને પરિષહમાં શો તફાવત છે ?

ઉ૦—ઉપસર્ગ તે આત્મ કર્મજનિત અને પરિષહ તે પરનિમિત્તજન્ય. તે પણ અનુકૂળ અને પ્રતિકૂળ બંને પ્રકારના હોઇ શકે.

પ્ર૦—વક્તાના તથા શ્રોતાના ચૌદ ચૌદ ગુણ કયા કયા છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦—વક્તાના ચૌદ ગુણ આ રીતે છે. ૧ આગમોક્ત ૧૬ બોલના જાણ. ૨ શાસ્ત્રાર્થ વિસ્તાર રૂચિ. ૩ વચનપટુતા—વાણીમાં મધુરતા. ૪ સમયસૂચકતા. ૫ સત્ય પ્રિયતા. ૬ શ્રોતાના સંશયચ્છેદી. ૭ બહુશ્રુત ગીતાર્થ ઉપયોગવંત. ૮ અર્થને વિસ્તારી સંક્ષેપી જાણે. ૯ વ્યાકરણ દોષ વગરની શુદ્ધ ભાષા બોલે. ૧૦ વાણીથી સભાને રીઝવે. ૧૧ શ્રોતાને રસ ઉપજાવે. ૧૨ પ્રશ્ન ઉપજાવી પોતે તેનું સમાધાન કરે. ૧૩ મદ—અહંકાર રહિત. ૧૪ તેમજ ક્ષમા સંતોષાદિક ધર્મવંત. શ્રોતાના ચૌદ ગુણ આ રીતે છે—૧ ભક્તિવંત. ૨ પ્રિયભાષી. ૩ નિરભિમાની. ૪ શાસ્ત્રશ્રવણ રૂચિ. ૫ ચપળતા રહિત એક ચિત્તે સાંભળીને ધારે. ૬ સાંભળ્યા મુજબ બરાબર કહી દેખાડે તેવી સ્મરણશક્તિવાળો. ૭ પ્રશ્ન કરવા—પૂછવામાં કુશળ. ૮ વિસ્તારિત શાસ્ત્રાર્થ રહસ્ય સમજી શકે એવો. ૯ ધર્મકાર્યમાં પ્રમાદ રહિત. ૧૦ ધર્મશાસ્ત્ર સાંભળતાં નિદ્રાદિક દોષ તજી સાવધાન રહેનાર. ૧૧ તત્ત્વબુદ્ધિવંત. ૧૨ દાતાર. ૧૩ ધર્મ સાંભળનાર ઉપર પ્રેમ રાખી તેની પ્રશંસા કરનાર. ૧૪ નિદ્રા, વિકથા, વાદવિવાદ, કદાગ્રહ મમતાદિક દોષ રહિત—વિનયી તથા સુશીલ.

પ્ર૦—લૌકિક પુરાણો કયા કયા અને કેટલા છે ?

ઉ૦—પુરાણ ૧૮ છે. ૧ બ્રહ્મપુરાણ. ૨ પદ્મપુરાણ. ૩ વિષ્ણુપુરાણ. ૪ શિવ-પુરાણ. ૫ ભાગવતપુરાણ. ૬ નારદપુરાણ. ૭ માર્કંડપુરાણ. ૮ અગ્નિપુરાણ. ૯ ભારતપુરાણ. ૧૦ બ્રહ્માવર્તપુરાણ. ૧૧ લિંગપુરાણ. ૧૨ વરાહપુરાણ. ૧૩ સ્કંધ-પુરાણ. ૧૪ વામનપુરાણ. ૧૪ કૂર્મપુરાણ. ૧૬ મત્સ્યપુરાણ. ૧૭ ગરૂડપુરાણ. અને ૧૮ બ્રહ્માંડપુરાણ—એ ૧૮ પુરાણનાં નામ જાણવાં.

પ્ર૦—સંસારમાં ભવ્ય અભવ્યાદિ ત્રણ પ્રકારના જીવ કહ્યા છે. તેનું સ્વરૂપ દૃષ્ટાન્તથી સ્પષ્ટ સમજાવશો ?

ઉ૦—૧ ભવ્ય, ૨ અભવ્ય અને ૩ ભવ્યાભવ્ય અથવા જાતિ—ભવ્ય એ રીતે ત્રણ પ્રકારના જીવ કહ્યા છે. તેમાં ભવ્ય જીવો ત્રણ પ્રકારે સમજવા યોગ્ય છે. ૧ નિકટભવી, ૨ મધ્યમભવી અને ૩ દૂરભવી. તે મધ્યે નિકટભવી તો સોહાગણ સ્ત્રી જેમ છ માસમાં સ્વપતિ સમાગમે ગર્ભધારણ કરી પુત્રપ્રાપ્તિરૂપ ફળ પામે છે તેમ સદગુરૂ ઉપદેશ યોગે શુદ્ધ શ્રદ્ધા પામી શુદ્ધ ચારિત્ર પાળી તત્કાળ મોક્ષફળને પામે છે. બીજા મધ્યમભવી થોડા—સંખ્યાતા ભવમાં મોક્ષ પ્રાપ્તિ કરે છે અને દૂર-ભવી તો ભારે કર્મીપણાથી ઘણે કાળે, ઘણે કષ્ટે, ઘણે ઉપદેશે ધર્મ પામી, કર્મ ખપાવીને, મોક્ષફળ મેળવી શકે છે. બીજા અભવ્ય જીવો વાંઝણી સ્ત્રી જેવા, ગમે તેટલી ધર્મસામગ્રીનો યોગ થયા છતાં તેમાં તથાપ્રકારની પાત્રતા કહો કે મોક્ષ-ગમન યોગ્ય સ્વભાવ નહિ હોવાથી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ કરી શકતાજ નથી. ત્રીજા જાતિભવ્ય જીવો સત્તાએ ભવ્ય સમાન યોગ્યતા ધરાવે છે, છતાં તથાપ્રકા-રની ભવિતવ્યતાથી તે વ્યવહાર રાશિમાંજ આવવા પામતા નથી, અને અવ્યવહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાશિમાંજ રૂળ્યા કરે છે. એવા જીવો પણ અનંતા છે. તેવા જીવો બાળ વિધવા સમાન સમજવા. જેમ તેને પતિનો યોગજ નહિ થવાથી પોતાનામાં પુત્રપ્રાપ્તિ યોગ્ય યોગ્યતા છતાં પુત્રપ્રાપ્તિ થઈ શકતી નથી. તેમ જાતિભવ્ય જીવો પણ મોક્ષ-ફળ પામી શકતા નથી. એ રીતે ત્રણ પ્રકારના જીવ આશ્રી ફળ વિભાગ સહેતુક સમજવા યોગ્ય છે.

પ્ર૦—અંતર્મુહૂર્ત કોને કહીએ ?

ઉ૦—નવ સમયથી માંડીને મુહૂર્ત (બે ઘડી) માં એક સમય ન્યૂન પર્યંત વચલો બધો વખત (નાનું મોટું) અંતર્મુહૂર્ત કહેવાય.

પ્ર૦—જાતિસ્મરણ જ્ઞાનનું સ્વરૂપ અને માન શું ?

ઉ૦—ભવાન્તરમાં અનુભવેલી વસ્તુનું તેવું કંઇ દેખીને કે સાંભળીને તથા પ્રકારના ક્ષયોપશમને લઇને સ્મરણ થઇ આવે તે જઘન્યથી ૧-૨-૩ ભવ સુધીનું. મધ્યમ ૪-૫-૬ ભવ સુધીનું અને ઉત્કૃષ્ટ નવ ભવ સુધીનું જાતિસ્મરણ જાણવું.

પ્ર૦—સમકિતની દશ રૂચિ કઇ કઇ કહી છે ?

ઉ૦—૧ નિસર્ગરૂચિ (સહજ સ્વાભાવિક પ્રગટેલી રૂચિ), ૨ ઉપદેશ રૂચિ, ૩ આજ્ઞા રૂચિ, ૪ સૂત્ર રૂચિ, ૫ બીજ રૂચિ, ૬ અભિગમ રૂચિ, ૭ વિસ્તાર રૂચિ, ૮ ક્રિયા રૂચિ, ૯ સંક્ષેપ રૂચિ અને ૧૦ ધર્મ રૂચિ.

પ્ર૦—સમ્યક્ત્વનાં પાંચ લક્ષણ કયાં કયાં છે ?

ઉ૦—શમ (ઉપશમ-કષાયની શાન્તિ), સંવેગ (મોક્ષસુખ વગર ઇતર સુખ-ની અનિચ્છા), નિર્વેદ, (ભવ વૈરાગ્ય-ઉદાસીન પરિણામ), અનુકંપા (દ્રવ્ય અને ભાવદયા) અને આસ્તિકતા-સર્વજ્ઞ વીતરાગનાં વચન એકાન્ત હિતકારી સમજી તેના ઉપર અચળ આસ્થા.

પ્ર૦—ત્રણ પ્રકારના આત્માનું સ્પષ્ટ લક્ષણ શું ?

ઉ૦—આ કાયાદિક જડ વસ્તુ ઉપર અતુલ મમતા-રાગ એ બહિરાત્માનું લક્ષણ, સ્વપર જડ ચેતનનું યથાર્થ જાણપણું કરી, કાયાદિક ચેષ્ટામાં કેવળ સાક્ષી-ભાવ યા તટસ્થતા રાખવી એ અંતરાત્માનું લક્ષણ અને અતીંદ્રિય અનંત જ્ઞાનાદિક ગુણરત્નોનો સાક્ષાત્ અનુભવ કરવો તે પરમાત્માનું લક્ષણ જાણવું.

પ્ર૦—બંધ, ઉદય અને સત્તાગત કર્મને શી રીતે નિવારાય ?

ઉ૦—ઇન્દ્રિય કષાયાદિકને કબજે રાખવારૂપ સંયમ યા સંવરવડે નવો કર્મ-બંધ થતો અટકે. પાંચ પ્રકારના સ્વાધ્યાય ધ્યાનવડે ઉદયકર્મ રોકાય-નિષ્ફળ થઇ જાય અને શુદ્ધ આત્મોપયોગે સત્તાગત કર્મનો ક્ષય થઇ શકે.

પ્ર૦—જ્ઞાનીને આશ્રવ સંવરરૂપે શી રીતે પરિણમે છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦—શુદ્ધ આત્મોપયોગે 'જે આસવા તે પરિસવા.'

પ્ર૦—બાદર (સ્થૂળ) સચિત્ત જળ અને અગ્નિ ઉપર ક્યાંસુધી છે ?

ઉ૦—જળ બારમા દેવલોક સુધી ઉપર છે અને અગ્નિ આ મનુષ્યલોકરૂપ અઢી દ્વીપમાં અને મેરૂ પર્વતની ચૂલિકા સુધી ઉંચે છે.

પ્ર૦—શ્રી યુગપ્રધાન આચાર્યનાં ખાસ લક્ષણ કયા હોય છે ?

ઉ૦—જેમના વસ્ત્રમાં જૂ ન પડે, રાષ્ટ્ર-દેશભંગ ન થાય, દેશચિન્તા ન ઉપજે. (નિજ પર ચક્ર-રાજભય ન ઉપજે) તથા અઢી જોજન પ્રમાણ ચોતરફ મહામારી પ્રમુખ ઈતિ ઉપદ્રવો ન ઉપજે તેવા લક્ષણવાળા આચાર્ય એકાવતારી હોય.

પ્ર૦—ભાવના અને અધ્યાત્મ શબ્દનું હૃદય શું છે ?

ઉ૦—આત્માને ભાવે-વૈરાગ્યવાસિત કરે તે ભાવના અને એક આત્માને જ (આત્મકલ્યાણને જ) લક્ષી જે વિશુદ્ધ મોહવિકાર વગરની કરણી કરવામાં આવે તે અધ્યાત્મ.

પ્ર૦—ઋષભાદિક તીર્થંકરોના માતપિતાની ગતિ શી થઈ ?

ઉ૦—નાભિરાજા નાગકુમારમાં, પછીના આઠમા સુધીના પ્રભુના પિતા બીજા (ઇશાન) દેવલોકમાં, પછીના સોળ સુધીના ત્રીજા દેવલોકમાં અને પછીના ચોવીશ સુધીના ચોથા દેવલોકમાં ઉપજ્યા છે; તથા પ્રથમના આઠ પ્રભુની માતાઓ મોક્ષે, પછીના નવથી સોળમા સુધીની જિનજનનીઓ ત્રીજા દેવલોકમાં અને બાકીની માતાઓ ચોથા દેવલોકમાં ઉત્પન્ન થયેલ જાણવી. અપૂર્ણ.

# उद्यम कर्मनो संवाद.

( અનુસંધાન પૃષ્ટ ૨૯૦ થી. )

લેખક:—અભ્યાસી—સુરત.

સમુદ્ર કીનારે એકાંત પ્રદેશમાં સૂરિજીએ નિવૃત્તિએ બેસીને સ્નેહચંદ્રના પ્રશ્નનો ઉત્તર આપવો શરૂ કર્યો.

સૂરિજી—શુભ યા અશુભ કર્મનેજ દૈવ એવી સંજ્ઞા આપવામાં આવી છે. જેને અન્ય લોકો અવિદ્યા કહે છે, તથા કેટલાકો પ્રકૃતિ કહે છે, કોઇ કોઈ કર્મને માયા પણ કહે છે, તે સર્વે કર્મનાં નામાંતરો છે, પણ સર્વ નામોમાં તત્ત્વ એકજ છે. નામ માત્રથી અર્થ ભેદ કે વસ્તુ ભિન્ન બનતી નથી. જે લોકો સંજ્ઞાભેદે વસ્તુભેદ માને છે તે લોકો ખરેખર વસ્તુતત્ત્વથી અનભિજ્ઞ જણાય છે. તેવીજ રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માના પરાક્રમ-ઉદ્યમ-યત્ન-વીર્ય તેનેજ પુરૂષાર્થ કહ્યો છે-તે સર્વે પુરૂષાર્થના એક અર્થ બોલનારા નામો છે. દૈવ-કર્મ એ જડ છે; તેથી કર્મો કોઇ પણ કાર્યમાં પ્રવૃત્તિ કરવાને સમર્થ નથી. પુરૂષાર્થથી કાર્યનું ફળ ઉપલબ્ધ થાય છે. આ કારણથી તે ઉદ્યમ આત્માનો મુખ્ય ધર્મ છે. પુરૂષાર્થનું ફળ પ્રગટ દેખાવાથી પુરૂષાર્થ કાર્ય સાધક અને દૈવ-કર્મનું ફળ અપ્રત્યક્ષ હોવાથી અને પરાધીન હોવાથી તે અપ્રત્યક્ષ છે એમ ક્ષણભર માનવું પડે છે; પરંતુ વસ્તુસ્થિતિ જુદીજ છે. કારણ કે નિશ્ચયથી ઉંડા ઉતરીને તપાસીએ તો જણાય છે કે પુરૂષાર્થ પણ ફલ આપવા સમર્થ છે અને કર્મ પણ ફલ આપે છે. બન્ને પોતાના કાર્યસમયમાં પોતાનો ભાગ સારી રીતે બજાવી આપે છે, પુનઃ બન્ને નિરનિરાળા અને નિરપેક્ષ છે. પુરૂષાર્થની જ્યાં જરૂરિયાત હોય છે ત્યાં પુરૂષાર્થ પોતાનું જે મુખ્ય ફળ દેખાડે છે, ત્યાં કર્મની અપેક્ષા રખાતી નથી; તેવીજ રીતે કર્મના સમયે કર્મ પોતાનું મુખ્ય ફળ આપે છે; અને પુરૂષયત્ન વિદ્યમાન છતાં નિશ્ચય દ્રષ્ટિએ દેખાતો નથી-દૈવ અને પુરૂષયત્ન બન્નેની દિશાઓ જુદી જુદી છે એમ દેખાય છે. આ પ્રમાણે નિશ્ચયવાદની માન્યતા છે. અર્થાત્ કેવળ પુરૂષપ્રયત્નવાદ અને કેવળ કર્મવાદ બન્ને સ્વતંત્ર અને નિરપેક્ષ એ નિશ્ચય નયનો મત છે. વ્યવહાર દ્રષ્ટિએ આથી ભિન્નજ દેખાય છે. પુરૂષયત્ન કર્મ વગર ફલ આપવા અસમર્થ, અને કર્મ પુરૂષયત્ન વિના ફલ આપવા અસમર્થ છે, અર્થાત્ બન્ને વાદો સાપેક્ષ છે. એક બીજા ( ઉદ્યમ-કર્મ ) પરસ્પર મળીને કાર્ય સિદ્ધ કરે છે. વ્યવહારનય-ઉદ્યમ અને કર્મને જ્યાં જેની મુખ્યતા હોય ત્યાં તેને મુખ્યતા અર્પે છે; અને બીજાને ગૌણ તરીકે કબુલે છે. જ્યારે નિશ્ચયનય ઉદ્યમની મુખ્યતા વખતે કર્મને ગૌણ માનતો નથી અને કર્મની મુખ્યતા વખતે ઉદ્યમને ગૌણ માનતો નથી. “ सापेक्षमसमर्थं ” આ ન્યાયે નિશ્ચયનય અપેક્ષાવાદની ઉપેક્ષા કરે છે. અહીં ( ઉદ્યમ અને કર્મવાદમાં ) ઉદ્યમ એટલે સામાન્ય સર્વ આત્માની પ્રવૃત્તિ એવો અર્થ લેવો, પણ પરમપુરૂષની પ્રવૃત્તિ એ અર્થ લેવાનો નથી. વ્યવહાર દ્રષ્ટિએ ઉદ્યમ અને કર્મ બન્ને સાપેક્ષ છે એમ યાકિનીમહત્તરાસૂનુ શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી પણ કહે છેઃ—

न भवस्थस्य यत्कर्म, विना व्यापार संभवः ।
न च व्यापारशून्यस्य, फलं यत्कर्मणोऽपिहि ॥

સંસારી કોઇપણ મનુષ્ય કર્મ વિના ગમન, આગમન, ખાવું પીવું વિગેરે કોઇ પણ પ્રવૃત્તિ કરવા સમર્થ થતો નથી, કર્મો પણ પોતાના શુભાશુભ ફળ ઉદ્યમ વિના આપી શકતા નથી; તેથી ઉદ્યમદ્વારા કર્મો સફળ થાય છે. શુભાશુભ ફળ દેખાડે છે અને ઉદ્યમને ગતિ આપનાર અથવા પ્રેરક કર્મોજ છે. આથી [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પર સાપેક્ષ છે, તથા શુભાશુભ હિતાહિત કરનાર કર્મો યત્કિંચિત્ માત્ર ઉદ્યમ કરવાથી પોતાનું ફળ આપે છે અને ગમે તેટલા મજબુત પ્રયત્નો કરવાથી પણ કર્મો પોતાના ફળ આપતા નથી અને ઉદ્યમ નિષ્ફળ નિવડે છે. આથી કર્મવાદ પ્રચંડ અને મુખ્ય બને છે, જ્યારે ઉદ્યમવાદ ગૌણ બને છે. અને કર્મો એક સમયે ફળ બતાવે છે અને ભિન્ન સમયે ફળ બતાવતા નથી, તેથી કર્મ અન્ય અન્ય પ્રકારના છે, એમ પણ માનવું પડે છે. જો તેમ ન હોય તો એક કાળે અલ્પ ઉદ્યમ છતાં સફળતા અને અન્ય કાળે પ્રચંડ ઉદ્યમ છતાં નિષ્ફળતા થવી તેનું કાંઇ પણ કારણ હોવું જોઇએ. કારણ કે ફળભેદે કારણભેદ હોય એવી વિદ્વાનોની માન્યતા છે. તેવીજ રીતે પુરૂષપ્રયત્ન પણ વિચિત્ર છે. ભિન્ન ભિન્ન પ્રકારનો છે. એક યત્ન દ્વારાએ ભોજ્ય પદાર્થોની સુલભતા થાય છે જ્યારે અન્ય પુરૂષયત્ન ગ્રાસાચ્છાદન જેટલુંજ માત્ર ફળ અર્પે છે; અન્ય યત્ન લાખો રૂપિયા પ્રાપ્ત કરાવે છે અને એક મહાન્ યત્ન નિષ્ફળ નિવડે છે. પૂર્વોપાર્જિત શુભાશુભ કર્મદ્વારાએ ગતિ પામતો યત્ન યદ્યપિ એક વખત નિષ્ફળ બને તો પણ જન્માન્તરમાં યત્નદ્વારાએ પૂર્વોપાર્જિતો પોતાનું ફળ બેસાડ્યા વિના નાશ પામતા નથી અને જર્જરીભૂત બનતા નથી. આ હેતુથી ઉદ્યમ અને કર્મો વ્યવહારમાં સાપેક્ષ છે. એક બીજા અન્યોન્યનો આશ્રય અંગીકાર કરે છે અને નિશ્ચય દ્રષ્ટિએ બન્ને નિરપેક્ષ છે–નિરાવલંબી છે એ ભૂલવું જોઇતું નથી.

**મૌક્તિકચંદ્ર**—હે પૂજ્ય! આપણે જેને કર્મ કહીને બોલાવીએ છીએ તેને સાંખ્યો પ્રધાન શબ્દથી વ્યવહરે છે, અને તે લોકો આ સૃષ્ટિમાં જે કાંઈ ભૌતિક પ્રયત્નો અને કાર્યો બને છે તેના કર્તા તરીકે પ્રધાનને જ માને છે તથા શુભાશુભ ફળ પણ તેજ ભોગવે છે. આત્મા તેનાથી અલિપ્ત છે, નિરાળો છે, તેને કોઈ જાતના કર્મો કરવાના કે ભોગવવાના નથી. આ પ્રમાણે તે લોકો પોતાના શાસ્ત્રોમાં સ્પષ્ટ પ્રતિપાદન કરે છે—" न कर्मणान्यधर्मत्वादतिप्रसक्तेश्च " ( सां० १६ ) " असंगोऽयं पुरुष इति " (सां० १५) "प्रकृतिः कुरुते कर्म, शुभाशुभ फलात्मकं । प्रकृतिश्च तदश्नाति, त्रिषु लोकेषु कामगा ॥ १ ॥" " કર્મો આત્માને સ્પર્શી શકતા નથી કારણ કે કર્મો પૌદગલિક છે, અને આત્મા ચૈતન્ય સ્વરૂપી છે. જડનો ધર્મ આત્માને કદાપિ અસર કરે જ નહિ; તથાપિ જો તેમ માની લઇએ તો મુક્ત આત્માઓને જડ કેમ અસર ન કરે ? "

" આત્મા અસંગ નિર્લેપ છે " શુભ યા અશુભ ફળપ્રદાયી કર્મો પ્રકૃતિ પોતેજ કરે છે; તથા ત્રણ લોકમાં ઇચ્છિત સ્થાનોમાં અટન કરનારી પ્રકૃતિ પોતેજ તે ફળોનો ભોગ કરે છે." આ વાક્યાનુસારે પુરૂષયત્નનો સર્વથા અભાવ થાય છે. કર્મ–કરણ શક્તિ અને તેનો ભોગ–આસ્વાદન શક્તિ પ્રકૃતિ સિવાય અન્યમાં ન [illegible] વિવાદ રહેતો નથી. [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વહાર દ્રષ્ટિએ બન્નેની સાપેક્ષ સિદ્ધિ કરવાની ભાંજગડ મટી જાય છે તથા નિશ્ચય દ્રષ્ટિએ ઉદ્યમ અને કર્મ બન્ને સ્વતંત્ર છે એવું માનવાની પણ જરૂર રહેતી નથી. અરે ! આપ જે કાંઇ યુક્તિઓ ઉદ્યમ અને કર્મવાદને પોષવાને માટે વદો છો તે સર્વે ઉથલી જાય છે–નિષ્ફળ નિવડે છે,

સૂરિજી—મૌક્તિકચંદ્ર ! જડપદાર્થ કોઇ પણ જાતની ક્રિયા સ્વતંત્રરીત્યા કરવાને અસમર્થ છે આ નિયમ આબાળગોપાળ સિદ્ધ છે. પરશુ કાષ્ઠને, ઘન સુવર્ણ આદિ ધાતુઓને અને ખડ્ગ અન્ય પદાર્થોને યદ્યપિ છેદે છે–ભેદે છે–દ્વિધા કરે છે, તથાપિ પુરૂષયત્ન વિના સ્વકાર્ય સાધવા તે તે શસ્ત્રો સમર્થ બનતા નથી. કર્મ–પ્રધાન–પ્રકૃતિ પણ જડ છે એ સર્વમતાનુયાયીઓ એકે અવાજે માને છે. પુરૂષયત્ન વિના એ જડ–પ્રધાન–પ્રકૃતિ સુખ દુઃખ પ્રાપ્ત કરવા અને ભોગ કરવાને શક્ત હોય તો જેમ સંસારી આત્માને પ્રધાનજન્ય ફળોમાં પ્રવર્તન કરવાની ફરજ પડે છે તેમ મુક્ત આત્માને તે ફરજો કેમ બનતી નથી? પ્રધાન મુક્ત આત્માને કેમ સ્પર્શ કરતા નથી? તથા સુખ–દુઃખ, શુભ અગર અશુભ ફળો આત્મા ભોગવે છે; કારણ કે "અહં સુખી અહં દુઃખી" ઇત્યાદિ ઉદ્ગારો સર્વજનોમાં પ્રત્યક્ષ દેખાય છે, તથાપિ પ્રધાન પોતેજ કર્મ બાંધે છે અને ભોગવે છે. એ કથન એક ક્ષણભર આપણે માની લઇએ તોપણ જડ પ્રકૃતિએ ઉપાર્જેલાં કર્મોનું ફળ આત્મા ભોગવે છે એ પ્રત્યક્ષસિદ્ધ અનુભવથી "કર્મો કરે પ્રકૃતિ અને ફળ ભોગવે આત્મા" એ કદી પણ સંભવે નહિ. આ હેતુથી સાંખ્યોને કૃતનાશ અને અકૃતઆગમ આ બે દોષ-કંટકનો ઉદ્ધાર કરવો અશક્ય છે. અપરંચ પુરૂષયત્ન વિના પ્રધાન–પ્રકૃતિ જડ હોવાથી કાંઇ પણ કાર્ય કરવા અશક્ત છે તથા કર્મ વિદ્યમાન છતાં રાજસેવા–કૃષિ-કર્મ અને વિવિધ વ્યાપારો આ જન્મ અને પરજન્મમાં જે કરવામાં આવે છે તે પુરૂષકાર છે. અને આત્માએ પોતે મલિન સંસ્કારોથી પૂર્વજન્મમાં અગર આ લોકમાં ઉપાર્જેલા જે કર્મો છે કે જેના પ્રતાપે શુભાશુભ ફળ ઉપલબ્ધ થાય છે અને ક્રિયા પ્રવર્તે છે તેને દૈવ શબ્દથી વ્યવહાર કરાય છે. કર્મ–પ્રકૃતિ–પ્રધાન પુરૂષયત્ન વિના પોતાનું ફળ સાધવા અશક્ત હોવાથી ઉપરોક્ત તાત્વિક દૈવ અને પુરૂષાર્થનું લક્ષણ માન્યા વગર કોઇને પણ ચાલે તેમ નથી. સાંખ્યોને પણ આ ઉપરનું દૈવ અને કર્મ સંબંધી લક્ષણ માનવુંજ પડશે; કારણ કે પ્રકૃતિમાં પુરૂષાર્થ અને કર્મનું તાત્વિક લક્ષણ બંધબેસતું નથી, તથાપિ જો સાંખ્યો આ લક્ષણ પ્રકૃતિમાં ઘટાવે તો લક્ષણભેદે પ્રકૃતિ બે પ્રકારની થવાથી તે લોકો માત્ર પુરૂષાર્થ તથા કર્મને પ્રકૃતિ એ નામ આપી શબ્દભેદ માને છે પણ વસ્તુસ્વભાવ એકજ છે એમ સિદ્ધ થાય છે અને નામભેદ થવાથી વસ્તુ બદલાતી નથી એ વિદ્વદ્માન્યતા અવિરૂદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહાર દ્રષ્ટિએ જો દૈવ-કર્મ હિનબળી હોય અને ઉદ્યમ બળવત્તર હોય તો જેમ અધિક બળવંત લઘુબળવાળાને દબાવે છે તેમ ઉગ્ર પ્રયત્ન હિનબળી કર્મને દબાવે છે અને ઉદ્યમ પોતાનું ફળ દ્રષ્ટાને પ્રત્યક્ષ કરાવે છે. **જ્ઞાનગર્ભ** મન્ત્રીએ પોતાના કુટુંબનો વધ થવાનો છે એમ જ્ઞાનીજન સમીપે નિશ્ચિત શ્રવણ કર્યા પછી પોતાના મજબુત ઉદ્યમદ્વારાએ કુટુંબનો બચાવ કર્યો અને વધ કરાવનાર કર્મોને દૂર કર્યા. તેમજ કર્મો-દૈવજન્ય બળવંત હોય અને પુરૂષકાર અલ્પબળી હોય તો કર્મો ઉદ્યમને દબાવે છે-ચગદી નાંખે છે, કારણ કે ચડતી-પડતીનો જગતનો સામાન્ય નિયમ આ પુરૂષકાર-દૈવવાદમાં પણ લાગુ પડે છે. **દ્વારિકાનો** દાહ થશે એમ જાણ્યા પછી તેનો બચાવ કરવાને અર્થે **વાસુદેવે અને બળદેવે** ઉગ્ર પ્રયત્નો આદર્યા. અન્તમાં માતૃપિતૃભક્ત **વાસુદેવ-બળદેવે** સ્વમાતાપિતાને રથમાં સ્થાપી રક્ષણ કરવાનો ઉદ્યમ કર્યો તો તે પણ નિષ્ફળ ગયો અને **વાસુદેવનું** નિર્જન અટવીમાં મૃત્યુ થયું. આ પ્રમાણે અન્યોન્ય ઉપઘાત્ય ઉપઘાતક ભાવ પુરૂષકાર અને કર્મ નામના બે પદાર્થો વિદ્યમાન હોય તોજ સંભવી શકે. કેવળ પ્રકૃતિવાદીઓનો પણ આ અનુભવસિદ્ધ નિયમ માન્યાવિના એક પણ વ્યવહાર ચાલે તેમ નથી; કારણ કે આકાશ જડ હોવાથી કોઇને પણ ઉપઘાત કરવાને અશક્ત છે. ખડ્ગાદિ શસ્ત્રો પુરૂષવ્યાપાર વિના બીજાનો નાશ કરવામાં નિષ્ફળ નિવડે છે તેમ કર્મો-પ્રકૃતિ પણ જડ હોવાથી પુરૂષવ્યાપાર નિરપેક્ષ તે શુભાશુભ ફળો આપવાને અસમર્થ બને છે. જ્યારે પુરૂષવ્યાપાર પ્રકૃતિ સહચર માનવામાં આવે તોજ પ્રકૃતિ કાર્યસાધક બની શકે છે અને પરસ્પર પૂર્વોક્ત બાધ્ય-બાધક ભાવ પણ યથાર્થ લાગુ પડે છે. આમ થવાથી સાંખ્યો જે કહે છે:—" **प्रकृतिः कुरुते कर्म** " આ કથન તેઓનું વંધ્યાપુત્રની જેમ નિર્મૂળ-બાધિત-ખંડિત છે. અહીં પુરૂષકાર જે કર્મોને દબાવે છે તે પુરૂષકારમાં અમુક કાળ અગર દ્રવ્ય પદાર્થોની અપેક્ષાએ તેવા પ્રકારનો વિદ્યમાન સ્વભાવ છે કે જેને લઇને પુરૂષકારથી કર્મો દબાય છે; તેવીજ રીતે કર્મોમાં પણ તેવો સ્વભાવ માનવો પડશે કે જેનાથી પુરૂષકાર નિષ્ફળ નિવડે છે, કારણ કે બન્નેમાં તેવા પ્રકારનો ભિન્ન ભિન્ન સ્વભાવનો જો અભાવ હોય તો કાંકટુક ગમે તેટલો દિપ્ત અગ્નિ છતાં પાકતા નથી તેમ ઉદ્યમ અને કર્મો પરસ્પર એક બીજાને દબાવી શકે નહિ. તથા એક પદાર્થમાં એકજ સ્વભાવ હોય છે. જળમાં શીતળ સ્વભાવ, અગ્નિમાં ઉષ્ણ સ્વભાવ અને જ્ઞાનમાં જ્ઞાતૃત્વ સ્વભાવ હોય છે, તેમ એક પ્રકૃતિ-પ્રધાનમાં એકજ સ્વભાવ હોઇ શકે અને તેમ બનવાથી ઉપરોક્ત તમામ વ્યવહારો અટકી પડશે-શાન્ત થશે એ મહાન્ વિરોધ ઉભો રહે છે. આજ વાત હરિભદ્રસૂરીશ્વરજી કહે છે:—

For Private And Personal Use Only

तथा च तत्स्वभावत्व–नियमात्कर्तृकर्मणोः ।
फलभावोऽन्यथा तु स्यान्न कांकटुकपक्तिवत् ॥

સ્નેહચંદ્ર—પૂજ્ય ! જળમાં રહેલ શીતળ સ્વભાવ નિત્ય શીતળતા ઉત્પન્ન કરે છે, તેમ જે પદાર્થમાં જે સ્વભાવ હોય તે પોતાનું કાર્ય બજાવે છે, તેથી દૈવ અને પુરૂષકાર જે જે સમયે બાધ્ય બાધકપણું બજાવે ત્યારે તેમાં તેવો સ્વભાવ છે એમ માની શકાય, પણ જે વખતે પુરૂષકાર કર્મોને બાધા ન કરે અને કર્મો પુરૂષકારને બાધા ન ઉપજાવે ત્યારે તે સ્વભાવ ક્યાં જાય છે–શું લુપ્ત થઈ જાય છે ?

સૂરિ—સ્વભાવ નિત્ય પોતાનું કાર્ય બજાવે એવો નિયમ નિયતજ નથી. માત્ર જે સમયે વસ્તુને કાર્ય કરવાનો વખત આવે છે ત્યારે તે પોતાનું કાર્ય કરે છે, એટલે સાધન અને સંયોગના સંબંધથી વસ્તુનો સ્વભાવ જગત્‌ને ફળ આપે છે તથા સંયોગોના તિરોભાવે સ્વભાવ ફળ દર્શાવવા અસમર્થ છે, તેથી સ્વભાવ વિનષ્ટ બનતો નથી, કિન્તુ તિરોભૂત રહે છે. જળ અન્યને શીતળતા ન ઉપજાવે તેથી તેમાં શીતળતા ધર્મ નથી એમ કહી શકાય નહિ, તથા પદાર્થમાં વિદ્યમાન સ્વભાવયોગ્યતા અસ્વભાવ અથવા અયોગ્યરૂપે વિપરીત સ્વરૂપને કદાપિ પામતા નથી એ નિયમ બહુ ધ્યાન આપીને વિચાર કરવા યોગ્ય છે. એક પાષાણ અગર કાષ્ટખંડમાં પ્રતિમા–પ્રતિકૃતિ–છબી બનવાની યોગ્યતા છે છતાં તે પાષાણ કે કાષ્ઠખંડની છબી કરવામાં ન આવે એથી શું તે અયોગ્ય બની જાય છે ? જ્યાં સુધી તેમાંથી છબી બનાવવામાં ન આવે ત્યાં સુધી તે છબીને યોગ્ય છે અને કાર્ય બની ગયા પછી કારણ તે અકારણરૂપે કહેવાય છે. તેજ પ્રમાણે પુરૂષયત્નથી કર્મો વિકૃત સ્વરૂપ પામતા નથી ત્યાંસુધી કર્મો અબાધિત રહે છે અને પુરૂષયત્નથી કર્મો વિકૃતિને પામે છે એટલે બાધ્ય–બાધક એ નિયમ લાગુ પડે છે, અર્થાત્ પુરૂષકાર અને કર્મોમાં બાધ્યબાધક નામની યોગ્યતા છે એ ઉપરનો ભાવ વિચારવાથી યથાર્થ ધ્યાનમાં આવશે.

મૌક્તિકચંદ્ર—પૂજ્ય ! કાષ્ટખંડમાંથી જે છબી બને છે તે પુરૂષકારથી બને છે એમ માનીએ; કિન્તુ કાષ્ઠખંડમાં અસ્તિત્વ ધરાવતી યોગ્યતા મૂર્તિ બનાવે છે એ પ્રમાણે માનીએ તો આ સર્વ ભાંજગડનો અંત આવી જશે; તેજ પ્રમાણે કર્મો જે ફળો અર્પે છે તે તેમાં રહેલી યોગ્યતાની પ્રેરણાથી આપે છે એમ માની લઇએ તો દુર્ધર બાધ્ય–બાધક ભાવને માનવાની અડચણ નહિ ઉભી થાય.

સૂરિ—ભદ્ર ! આ તમારી માન્યતા લોકપ્રતીતિ અને અનુભવથી વિરૂદ્ધ છે. તથા પુરૂષવ્યાપાર વિના યોગ્યતા કાંઇ પણ કાર્ય બનાવવાને સમર્થ નથી. 'ઓદન' માં યદ્યપિ પાકયોગ્યતા છે છતાં સામગ્રી અને પુરૂષવ્યાપાર વિના તે પાકી શકતા નથી, તેમજ એક સમયે એકી સાથે ઘણુ મનુષ્યો દાનાદિક કર્મો કરે છે અને તે

ત્રણે મનુષ્યો તે કર્મોના ફળ તરીકે એકને દેવેંદ્રનું સ્થાન, અપરને દેવની ઋદ્ધિ અને ત્રીજાને રાજ્યઋદ્ધિ એ પ્રમાણે તે ત્રણે મનુષ્યો ભિન્ન ભિન્ન ફળો પ્રાપ્ત કરે છે તેનું કારણ શું ? શું યોગ્યતાથી આમ બની શકે ? યોગ્યતા તો દરેકમાં એક સરખીજ છે. તેથી કહેવું પડશે કે દરેકના ભાવ–આશયમાં વિચિત્રતા છે અને તેને લીધેજ આ પ્રમાણે ફળભેદ બને છે. આશય-ભાવની વિચિત્રતા દરેક જણમાં પ્રત્યક્ષ સિદ્ધ છે તથા ભાવ–આશય ભેદની સાથે દાનાદિ કાર્યોમાં પુરૂષાર્થની પણ ખાસ જરૂર રહે છે કે જેનાથી દાનાદિ કાર્યો પ્રવર્તે છે અને ફળ ઉપલબ્ધ થાય છે. આશય–મનોરથ એક સરખો હોય તો પુરૂષકારમાં ભેદ પડે નહિ; કિન્તુ એકજ પ્રકારનો સાક્ષાત્કાર થવો જોઇએ. પરંતુ પુરૂષકાર વિવિધ પ્રકારે પ્રવર્તે છે એ પ્રથમ કહેવાઇ ગયું છે. આથી મનોરથો જુદા જુદા માનવા પડે છે, કારણ કે પુરૂષકારને જન્મ આપનાર મનોરથો છે.

ભદ્ર મૌક્તિકચન્દ્ર ! તમારો છેલ્લો પ્રશ્ન એ છે કે પુરૂષકાર વ્યવહારદૃષ્ટિએ કર્મોને કયા સમયે દબાવે છે તથા કર્મો પુરૂષકારને કયારે દબાવે છે ? તેનો ઉત્તર આ પ્રમાણે છે:—કોઇક ખાણમાં રહેલું સુવર્ણ મનુષ્યોના અલંકારના ઉપયોગમાં આવે છે અને કેટલીક ખાણો એવા પ્રદેશમાં ગુપ્તપણે રહેલી હોય છે કે જેથી તેમાં રહેલું સુવર્ણ કદાપિ અલંકારના ઉપયોગમાં આવતું નથી; કિન્તુ મૃત્તિકારૂપેજ અનાદિથી કાયમ પડયું રહ્યું હોય છે, તેમ કેટલાક આત્માઓ અનાદિ કાળનો કર્મમળ દૂર કરીને શુદ્ધ કાંચન સ્વરૂપને પામે છે જ્યારે ઘણા આત્માઓ એવા સ્થાનમાં અથડાયા કરે છે કે જેનો ઉદ્ધાર કરવાને કોઇ સમર્થ નથી. તથા તેઓ કદાપિ અનાદિ કર્મમળને દૂર કરીને સ્વશુદ્ધ સ્વરૂપ પામતાજ નથી. જે આત્માઓ પોતાના શુદ્ધ રૂપને પામી મોક્ષભૂમિકા પ્રાપ્ત કરે છે તે આત્માઓ આ સંસારમાં ભ્રમણ કરાવનાર કર્મોને છેવટના આવર્તમાં પોતાના ઉગ્ર પરાક્રમથી દબાવી–નાશ કરીને સ્વશુદ્ધિને પ્રાપ્ત કરે છે. આ સ્થાને પુરૂષવ્યાપાર મુખ્ય બને છે અને કર્મો–દૈવ ગૌણ બને છે તથા અન્ય પ્રસંગે કર્મો પ્રધાનપદ ભોગવે છે અને ઉદ્યમ ગૌણ બને છે.

एवं च चरमावर्ते, परमार्थेन बाध्यते। दैवं पुरुषकारेण, प्रायशो व्यत्ययोऽन्यदा।

પ્રભુ મહાવીરે ભવિષ્યની પતિતતા જણાવ્યા છતાં નંદિષેણે કઠોર પ્રયત્ન કરી ચારિત્ર અંગીકાર કર્યું, પરંતુ કર્મના બળાત્કારથી તે પતિત થયા અને વેશ્યાને ત્યાં ચોવીશ વર્ષ પર્યંત રહ્યા–આચારભ્રષ્ટ બન્યા. ઇત્યાદિ સ્થળોમાં કર્મ સામ્રાજ્યનીજ સત્તા સમજાય છે; વ્યવહાર પક્ષમાં આ પ્રમાણે ઉદ્યમ અને કર્મો પ્રધાન ગૌણભાવ અને પરસ્પર સાપેક્ષભાવ બજાવે છે અને નિશ્ચય પક્ષમાં બન્ને સ્વતંત્ર છે. નિશ્ચયવાદ એ સર્વથા ભૂમિકામાં છે—ત્યાગ દશિનો નિશ્ચયણીય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૌક્તિકચન્દ્ર—પૂજ્ય! આપે અનુકંપા કરી મ્હારા ગૂઢ પ્રશ્નોના સયોક્તિક ઉત્તર આપી મ્હારા હૃદયમાં બોધરૂપી સૂર્યનો પ્રકાશ પાડ્યો છે. આપની યુક્તિ, પ્રમાણ અને દ્રષ્ટાંત સાથે વસ્તુપ્રતિપાદક શૈલિ એવી અપૂર્વ છે કે ગમે તેવા પાષાણ હૃદયી જનનાં હૃદયમાં પણ ચમત્કૃતિ અને જાગૃતિ ઉદ્ભવ્યા વિના રહે નહિ. આપની મિષ્ટ અમૃત વાણીના આસ્વાદને માટે વારંવાર મન તલસી રહે છે. આપે કરેલ મહાન્ ઉપકારનો બદલોવાળવાને હું અસમર્થ છું તેથી આપનો હું સદાને માટે ઋણી બન્યો છું. આ નવિન યુગના પાશ્ચિમાત્ય સંસ્કારોથી વાસિત હૃદયના યુવકોનો આપ જેવા મહાત્માઓજ ઉદ્ધાર કરવા--સંશયતિમિર દૂર કરવાને સમર્થ છો.

સૂરિ—મૌક્તિકચંદ્ર ! તમારા સરલ હૃદયથી અને શુદ્ધ વિચારોથી મારૂં મન અતિશય પ્રસન્ન બન્યું છે. અમારો સાધુઓનો મુખ્ય ધર્મજ એ છે કે કોઈપણ વ્યક્તિનું કલ્યાણ કરવું અને ઉત્તમ માર્ગપર ગમન કરાવવા પ્રયત્ન કરવો. તમારા જેવા સંસ્કારી જનો ખુલ્લા હૃદયથી સ્વગુરૂ સમિપે જઈ આદરપૂર્વક પોતાના પ્રશ્નો રજુ કરી જ્ઞાન પ્રાપ્ત કરશે તથા હૃદયને નિષ્કલંક્તિ બનાવશે ત્યારેજ ધર્મ અને સમાજનો ઉદય થશે. જ્યારે સેવ્ય-સેવક, ગુરૂ અને ભક્ત પોતાની મર્યાદામાં રહી સ્વાર્થનો ભોગ આપી અન્યોન્ય હાથ મીલાવી નવિન અશુદ્ધ-અનાદેય વિચારોથી અવાસિત હૃદયના બનશે અને પોતાના યોગ્ય કર્તવ્યોથી સમાજની દ્રષ્ટિ પોતાના તરફ ખેંચી લેશે ત્યારેજ પોતાનો, ધર્મનો અને સમાજનો ઉદ્ધાર થશે તથા શ્રેયસ્કર કાર્યકર્તા તરીકે ગણાશે. સાંપ્રતમાં ઉભયવર્ગ આ શુદ્ધ નિયમને વિસારી મૂકવાથી પરસ્પરની અથડામણીઓ ઉભી કરી રહ્યા છે.

આ પ્રમાણે વાર્તા થઈ રહ્યા પછી સૂરિજીએ ઘણો સમય થવાથી સ્વશિષ્યો સહ પોતાના આશ્રમ તરફ વળીગયા; સ્નેહચંદ્ર અને મૌક્તિકચંદ્ર એ બન્ને મિત્રો પણ સંતુષ્ટ બની પોતાના ગુરૂજીના દર્શન કરી અલ્પ સમયપર્યંત અન્ય અન્ય વાર્તાલાપ કરી આજના પ્રસંગથી અપૂર્વ આનંદ માની પોતાના સ્થાન તરફ ગયા અને નિત્ય નિયમ પ્રમાણે દેવપૂજન અને માત-પિતાની ભક્તિમાં પ્રવૃત્ત થયા.

# नव युवकोंने सांप्रत कर्त्तव्य विषे उपदेश.

( ગુજરાતી પત્રના દીવાળીના અંકના પૃષ્ઠ ૧૭૩૫ ઉપરથી સંક્ષેપ. )

શારદાપીઠના શ્રીમદ્ શંકરાચાર્યે એક યુવકની શંકાનું સમાધાન કરેલું તે રા. રા. તુળજાશંકર જયશંકર ભટ્ટ એમ. એ. એલ એલ. બી. એ વર્તમાન જમાનાના નવા વિચારવાળાને સમજવા માટે ઉપયોગી જણાવાથી ગુજરાતી પત્ર પર લખી મોકલેલું તે પત્રથી કાંઈક સંક્ષિપ્ત કરીને અહીં લેવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદરહુ યુવકની શંકા એવી હતી કે—"જુના વિચાર તેમજ નવા વિચારના સર્વેને એ વાત તો કબુલ કરવીજ પડે છે કે ભારતવર્ષ હાલ એક પ્રકારની સંક્રાન્તિ ( Transition ) ની દશામાં થઇને પસાર થાય છે. આ કબુલતમાંથી એ વાર્ત્તા પણ સ્વાભાવિક રીત્યે નિકળી આવે છે કે ફેરફાર તો અવશ્ય થવાનોજ. તો પછી જુના વિચારના લોકો નવા ફેરફાર કરવાની હિમાયત કરનાર પક્ષની–વ્યકિતઓની વિરૂદ્ધ શું કરવા પડે છે ? આવા સંક્રાન્તિના સમયમાં ધર્મને વળગી રહેવાથી દેશને શો લાભ ?" આ શંકાનું સમાધાન આપતાં જગદ્ગુરૂશ્રીએ નીચે પ્રમાણે વિચારો જણાવ્યા હતા.

## અચલ અવલંબનની પ્રાપ્તિમાં પુરૂષાર્થની યોજના.

નવા વિચારના માણસો તો તેમના પોતાના હેતુઓને માટે એમ સમજતા અને કહેતા હશે કે ભારતવર્ષ હાલ સંક્રાન્તિના સમયમાં અથવા સંક્રાન્તિની દશામાં છે; પરંતુ જુની પ્રજા તો આખા જગતનેજ ગતિમાં નિરન્તર વહેનારૂં માને છે. જગત્, સંસાર વગેરે શબ્દોમાંજ ગતિ અથવા સરણ વિગેરે પ્રવાહનો ભાવ ખુલ્લેખુલ્લો જણાય છે, અને ભારતવર્ષ તે પણ કાંઇ જગતની બહાર નથી, પણ જગતમાંજ છે. જગત્ એ અમો વેદાન્તીઓના મત પ્રમાણે નિત્ય વિકારશીલ માયાનું કાર્ય છે, તેથી જગતમાં પણ એ વિકારશીલતા સ્વાભાવિક રીતે અનુગત છે. આ વાત બરોબર ધ્યાનમાં રાખીનેજ આપણા તત્ત્વજ્ઞ પૂર્વજોએ " સંસાર પ્રવાહ—જગત્પ્રવાહ " કહીને સમગ્ર જગતને સતત્ ચલાયમાન કહ્યું છે; તેમજ વિકારી કહ્યું છે; અર્થાત્ એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં પ્રવેશ એ વસ્તુમાત્રનો સ્વભાવ છે; એ સ્વભાવની કોઇએક સવિશેષ પરિસ્થિતિ તે સંક્રાન્તિ. નિત્ય ચાલતા સ્થિત્યન્તરના આ પ્રવાહમાં સ્થિરતા અથવા સંસ્થિતિને પ્રાપ્ત કરવામાંજ સર્વ પુરૂષાર્થ તેમજ પુરૂષકાર રહેલો છે, એમ સર્વ બુદ્ધિમાન્ મનુષ્યોનું માનવું છે; અને તે માનવું યોગ્યજ છે. એ પુરૂષાર્થ, પુરૂષકાર અથવા પુરૂષપ્રયત્ન, તેને આ ચળ સંસારમાં કોઇ અચલ અથવા સ્થિર અવલંબન પ્રાપ્ત કરવામાં યોજવાની જરૂર છે.

એ અચલ અથવા સ્થિર અવલંબન તે શું છે ? એનો વિચાર સર્વ પ્રજાઓના તત્ત્વજ્ઞ પુરૂષોએ કરવામાં પોતાની બુદ્ધિ, આયુષ્ય વિગેરેનો વ્યય કરીને પોતાથી બનતો સઘળો પ્રયાસ કર્યો છે. આખરે તે સર્વેએ એજ શોધી કાઢ્યું છે કે:—

चला लक्ष्मीश्चलाः प्राणाश्चले जीवितयौवने ।
सर्वं वस्तुचलं लोके, धर्म एको हि निश्चलः ॥

અર્થ:—લક્ષ્મી, પ્રાણ, જીવિત, યૌવન આદિ વસ્તુ માત્ર આ લોકમાં ચલ છે. એકલો ધર્મજ નિશ્ચલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આર્યોનો પ્રાચીન નિશ્ચલ ધર્મ—

પરન્તુ એવા નિશ્ચલ ધર્મની પ્રાપ્તિ અર્થાત્ ધર્મનાં સંપૂર્ણ સ્વરૂપ, લક્ષણ, અધિકાર, પદ્ધતિ અને ફળના સંપૂર્ણ જ્ઞાન સહિત ભાવની પ્રાપ્તિ તો આપણા પૂર્વજોએજ કરી છે. તેઓએજ આપણે માટે પદ્ધતિઓ તથા સમાજવ્યવસ્થા પણ તે ધર્મજ્ઞાનના ભંડાર રૂપ શાસ્ત્રો અને તે ધર્મનો સાંગોપાંગ મર્મ જાણનાર શિષ્ટ સમુદાયના વિચાર અને આચારના વજ્રમય પાયા ઉપર બાંધ્યાં છે. આપણા પૂર્વજોની શાસ્ત્રસંપત્તિ માટે સુધરેલી યુરોપની પ્રજાઓના વિદ્વાનો પણ એવી પ્રશંસા કરે છે કે જેથી આપણે જો તે પૂર્વજોની સુપાત્ર સંતતિ હોઈએ તો આપણને આપણા ગૌરવનું ભાન થવું જોઈએ, અને કેટલાક તો પોતાને નવ શિક્ષિત ગણાવનાર દેશી વિદ્વાનો એ બાબતનાં ગૌરવનો અંગીકાર કરે છે પણ ખરા; કેટલાકને પૂર્વજોથી પ્રાપ્ત સમાજવ્યવસ્થા અને કેટલાકને તો પૂર્વજોની સઘળી બાબતો તુચ્છ ભાસે છે. પરંતુ અમને તો એમ માનવાનાં પૂરતાં કારણો છે કે—“ નિત્ય વિકારશીલ સંક્રાન્તિમય સંસારમાં પણ મનુષ્યને જે ધર્મનું સ્થિર અવલંબન સ્થિરતમ અખંડ સુખમાં સ્થાપવાને સમર્થ છે તેજ ધર્મ નૈમિત્તિક સંક્રાન્તિઓમાં પણ વ્યક્તિને તેમજ પ્રજાને સ્થિર–કાયમ–અખંડ અને અવિનાશી રાખવાને સમર્થ છે. ” વળી આટલા બધા યુગોમાં અને યુગપરિવર્તનોની સંક્રાન્તિઓમાં પણ ધર્મે હજુ આર્ય પ્રજાનો પાયો એવો તો પ્રાચીન અવસ્થામાં રાખ્યો છે કે પ્રજાના આચાર વિચારમાં ઉથલપાથલ કરવાના નાદે ચઢેલાં મનુષ્યો તેમના લેખોમાં અને ભાષણોમાં કોઇ કોઈ વાર એવી કડવી ફરિયાદ કરે છે કે હિંદુ પ્રજા જુની રીતભાતને એટલા તો હઠથી વળગી રહેનારી છે કે ન પૂછો વાત ? ધર્મના આવા અમોઘ પ્રતાપનો વિજયઘોષ વખતો વખત ધર્મના વિરોધીઓનાજ મુખેથી નીકળી આવે છે, એ શું નાની સુની વાત છે ? હાલ પણ ગમે તેવી સંક્રાન્તિ હશે, તો પણ તેમાંથી પસાર થતાં છતાં પણ અવિકારી અને અખંડ રહેવામાં આપણને ધર્મજ મદદ કરશે. માટે—

धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः ।
तस्माद्धर्मो न हन्तव्यो, मानो धर्मो हतो व्यधीत् ॥

અર્થ:—હણાયલો ધર્મ હણે છે અને રક્ષાયલો ધર્મ રક્ષણ કરે છે, માટે હણાયલો ધર્મ આપણને હણે નહિ તેટલા માટે આપણે ધર્મનું હનન કરવું નહિ. આ વાક્ય સદા આપણે આપણી નજર આગળજ રાખવું.

ઇતર લોકો જેને પ્રગતિ કહે છે તેની અંદર હિંદુ પ્રજા બીજી પ્રજાઓ કરતાં હજારો વર્ષ પશ્ચાત પડેલી છે, તે છતાં પણ હિંદ પ્રજા ઉપર :અનેક અનર્થો, આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચણો અને દુઃખો આવેલાં છે, તો પણ ધર્મે તેને તેની પૂર્વ સ્થિતિ જાળવી રાખવાને સમર્થ બનાવી, તેમાં ધર્મનું ફળ શું ? આ સ્થળે જેઓને તર્ક વિશદ હશે તેઓ તો એટલો વિચાર સહજ કરી શકશે કે ધર્મે તો સંક્રાન્તિ સમયમાં પ્રજાને ઘણે અંશે સંક્રાન્તિજન્ય વિકારથી મુક્ત રાખવાનું કામ બજાવ્યું, એતો નિર્વિવાદ છે. અનર્થ, અડચણો અને દુઃખો પ્રજા ઉપર પડવાનાં કારણો બીજાં છે કે નહિ તેની સમાલોચના કર્યા વિના જ એકનો દોષ બીજાને માથે નાંખવાની ભળતી વાતો કરવી એ વ્યાજબી ગણાય નહિ.

વળી સંક્રાન્તિ પણ કાંઇ એકજ પ્રકારની નથી હોતી. કોઇ સંક્રાન્તિ આર્થિક સ્થિતિની હોય છે, તો કોઇ સંક્રાન્તિ કાયિક સ્થિતિની હોય છે. તેમજ કોઇ સંક્રાન્તિ ધાર્મિક સ્થિતિની હોય છે, તો કોઈ સંક્રાન્તિ મૌક્ષિક સ્થિતિની હોય છે. રાજ્યસત્તા સંબંધી સંક્રાન્તિ તે પણ આર્થિક સંક્રાન્તિમાંજ ગણાય છે. હાલ હિંદુસ્તાન કેવા પ્રકારની સંક્રાન્તિની સ્થિતિમાં છે. એ સંક્રાન્તિની વાતો કરનારાઓએ કહેવું જોઇએ. જો ધર્મ સુરક્ષિત હોય તો આર્થિક સંક્રાન્તિથી કાંઇ પણ હાનિ થવી સંભવતી નથી, તેમજ કાયિક સંક્રાન્તિ પણ હાનિકારક થવાનો સંભવ નથી, અને મૌક્ષિક સંક્રાન્તિઓમાં પણ અધિક અધિક ઉન્નતિએ જ પહોંચાડે છે. પણ જો ધર્મ સુરક્ષિત ન હોય અને ધર્મની જ સંક્રાન્તિ થતી હોય તો એ એક વિચારવા જેવો ભયંકર પ્રસંગ ખડો થાય છે.

## બે પ્રકારની ધર્મ સંક્રાન્તિઓ ક્યારે થાય ?

સંક્રાન્તિઓના સંબંધમાં ઘણી બારીકીઓ લક્ષમાં લેવા જેવી હોવાથી તે વિષે એક નિરાળા વિવેચનની આવશ્યતા છે, પણ અત્રે પ્રસંગિક મુખ્ય વાત ઉપરજ ધ્યાન આપવામાં આવે છે. મારે ધર્મ સંક્રાન્તિ સંબંધે જ બોલવું પ્રાપ્ત થાય છે. ધર્મસંક્રાન્તિના પ્રકાર બે છે. એકતો આરોહી ધર્મ સંક્રાન્તિ અને બીજી અવરોહી ધર્મ સંક્રાન્તિ. આરોહી ધર્મ સંક્રાન્તિ તે અપૂર્ણ અને મલિન ધર્મ વ્યવસ્થામાંથી જ્યારે સંપૂર્ણ અને શુદ્ધ ધર્મ વ્યવસ્થા પ્રત્યે ગતિ થતી હોય ત્યારે થવાનો પ્રસંગ આવે છે. પણ જ્યારે તેથી ઉલટી ગતિ હોય છે, ત્યારે તો અવરોહી ધર્મ સંક્રાન્તિ થતી કહેવાય છે. આ અવરોહી ધર્મ સંક્રાન્તિ એ કોઇ પણ પ્રજાને માટે ઇષ્ટ નથી, કેમકે તે પતન રૂપ છે. જો હાલ ભારતવર્ષ એવી અવરોહી અથવા નિપાત રૂપ ધર્મ સંક્રાન્તિની દશામાં હોય તો તે દશામાંથી ભારતવર્ષને દૂર ખસેડવાને માટે અને હમેશ એવી દશામાંથી દૂર રહેવાને માટે દરેક સાચા હિંદુ સંતાનની ફરજ છે. તે પ્રમાણે જો ધર્મપ્રેમી હિંદુઓ નવા ફેરફારની સામે થતા હોય, તો તે એક ફળાપેક્ષા રહિત કર્ત્તવ્ય તરીકે જ સ્વધર્મ રૂપ છે. [અવરોહી ધર્મ સંક્રાન્તિકારક

For Private And Personal Use Only

પ્રવૃત્તિ તે દરેક પ્રજાનાં લૌકિક અસ્તિત્વનો અને પારમાર્થિક ઉન્નતિનો નાશ કરનાર હોવાથી તેવી પ્રવૃત્તિના પ્રત્યેક કાર્ય સામે ધર્મપ્રેમી માણસો વિરોધ કરે તો તેમની પવિત્ર ફરજ તેઓ સ્વાભાવિક રીતે બજાવે છે.

સર્વ પ્રકારે સંપૂર્ણ ધર્મવ્યુહ માત્ર એક હિંદુ ધર્મજ છે—વર્ણાશ્રમ ધર્મ એજ હિંદુધર્મ છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને શિષ્ટાચાર એથી સંમત એ ધર્મ છે. જો ઇતર પ્રજાઓને તેવી ઇચ્છા હોય અને તેઓ પોતપોતાના વ્યવહારની સગવડ માટે નાતો કે જમાતો બાંધી હિંદુ ધર્મ પ્રત્યે આવવાનો પ્રયાસ કરે તો તેઓ આરોહી ધર્મ સંક્રાન્તિની દશામાં આવે. જો ઇતર પ્રજાઓને તેવી ઇચ્છા ન હોય, અથવા તેમની એવી યોગ્યતા ન હોય, અથવા તેઓ હિંદુ પ્રજાને અવરોહી સંક્રાન્તિ એટલે નિપાતમાં ઉતારે તેવી રીતે હિંદુધર્મમાં આરોહ કરવા માગતા હોય તો તો હિંદુઓએ **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** એ ભગવદાજ્ઞાનો જ સર્વથા અમલ કરવો; એજ બધાએ પક્ષને માટે શ્રેયસ્કર છે. એવો અમલ કરવામાંજ આ લોકના સર્વે શ્રેયસનો ભોગ આપી પારમાર્થિક શ્રેયસનું રક્ષણ કરવું એમાં હિંદુ તરીકે જન્મ્યાનું અને મર્યાનું સાર્થકય છે. જુઓ શ્રી ભારતસંહિતાનો અંતિમ સારરૂપ બોધ પણ એજ છે:—

**न जातु कामान्न भयान्न लोभाद्धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।**
**धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये, जीवो नित्यस्तस्य हेतुस्त्वनित्यः ॥**

**ભાવાર્થ**:—કદી પણ કામનાઓથી, ભયથી, લોભથી, અને જીવનની આશાની ખાતર પણ ધર્મને ત્યજવો નહિ. ધર્મ તો નિત્ય છે અને સુખ દુઃખ તો અનિત્ય છે, તેથી સુખની લાલસાથી અને દુઃખના ભયથી નિત્યના સાથી ધર્મને હાનિ થવા દેવી નહિ. વળી જીવ તો નિત્ય છે અને જીવને વિવિધ પ્રવૃત્તિઓમાં યોજનાર પ્રેરક હેતુઓ અનિત્ય છે.

## ધર્મની દેશકાળને નામે કાપકૂપ કરવાની હિમાયતો—

પરન્તુ આજકાલ આર્થિક લાભ તથા વિવિધ મોજમજા રૂપ કાયિક સુખો ભોગવવાની લાલસાથી સર્વ શ્રેયસના મૂળ આધારરૂપ ધર્મની દેશકાળને નામે કાપકૂપ કરવાની હિમાયતો અને દલીલો ચાલી રહી છે તેને કેવા પ્રકારની સંક્રાન્તિ કહેવી? આ સવાલ અમે દેશકાળની દલીલ આગળ કરનારને પૂછીએ છીએ. 'સંક્રાન્તિનો સમય, સંક્રાન્તિનો સમય,' કહીને ઘોંઘાટ મચાવનારા મહાશયોએ આર્થિક અને કામિક લાલચોને લીધે તેમજ લાભને લીધે પોતાની મેળે સંક્રાન્તિ ઉભી કરી છે; અને દૃષ્ટિ તેવી સૃષ્ટિ એ માનસ શાસ્ત્રના સિદ્ધાન્તો પ્રમાણે તેમને આખો ભરતખંડ અવરોહી ધર્મ સંક્રાન્તિમાં પડેલો જણાય છે, તેઓને એવી નિપાતક ધર્મસંક્રાન્તિ જોઈએ છીએ. દેશકાળને તો સર્વ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બિલકુલ જોતોજ નથી, કેટલાક હિન્દુ જનતાના દાબથી ધર્મનું નામ માત્ર રાખી પલટાઇ જવાની અને પલટી નાખવાની કૂટ યુક્તિઓમાં મચેલા છે, તેઓની આવી પ્રવૃત્તિમાં તેઓ હિન્દના હિતનું બહાનું આગળ ધરે છે; તેમાં લોલુપ મનુષ્યો જોડાય છે, કંઇક ધાંધલ થાય છે, પણ હિન્દ સંક્રાન્તિની દશામાં છે, એમ જે કહેવામાં આવે છે, તે કથનમાં કેટલું તાત્પર્ય છે તે વિચારવાનું છે.

## હિન્દની થયલી સંક્રાન્તિ એ શાની સંક્રાન્તિ છે ?

હિન્દની જે સંક્રાન્તિ થવાની હતી તે થઇ ગઇ છે, અને એ સંક્રાન્તિ તે આર્થિક થઇ છે, અને તેને પરિણામે ભારતવર્ષ આર્થિક અવનતિમાં આવી પડ્યો છે. એ વાતો સર્વ સંમત જેવી છે. રાષ્ટ્રીય વિષયના નેતાઓ પણ એ વાત તો સ્વીકારે છે. એ આર્થિક અવનતિને લીધેજ હિંદુથી ઇતર સંસર્ગો અને સંસર્ગોથી સંસ્કારોને વશ થનાર નિર્બળ મનનાં મનુષ્ય પ્રાણિઓને લીધેજ ભારતવર્ષની હિંદુ પ્રજા તેમજ ઇતર પ્રજાને ભયનું કારણ છે, કેમકે એવાં મનુષ્યોએજ કાયિક સંક્રાન્તિને આ દેશમાં સ્થાન આપ્યું છે, તેમની રસજ્ઞતા અને રૂચિઓ સંક્રાન્તિમાં પડી છે. તેઓજ હિંદુજનતા તો શું પણ આખી હિંદી જનતાના પ્રલયના પૂજક છે. મનોનિગ્રહના વિધાનમાં **कुरंग मातंग पतंग भृंगा मीना हताः पंचभिरेव पंच**— હરણ, હાથી, પતંગ, ભ્રમર અને માછલાં એ પાંચે શબ્દ, સ્પર્શ, રૂપ, ગંધ, અને રસ, એ પાંચ વિષય પૈકીના એક એક વિષયથી માર્યા જાય છે, તો જે મનુષ્યો ઉપર પાંચે વિષયો પોતાનો પાસ ફેલાવે તેમનો નાશ સત્વરજ થાય, એમાં શું આશ્ચર્ય ? એ સિદ્ધાન્ત જેવી રીત્યે લાગુ પડે છે. તેવીજ રીત્યે અને તેથી પણ વધારે પ્રબળ રીત્યે એ સિદ્ધાન્ત રાષ્ટ્રોન્નતિના વિધાનમાં પણ લાગુ પડે છે; પરંતુ દૈવઘટનાથી વિલક્ષણ સ્થિતિમાં આવી પડેલી હિંદુ પ્રજાના સ્વસ રક્ષણ ઉદ્ધાર અને કલ્યાણના વિધાન માટે તો અનેક ગુણિત પ્રબળ રીત્યે લાગુ પડે છે. જેમનાં કર્ણ, ત્વચા, નેત્ર, જિહ્વા, અને નાસિકાની રૂચિને સ્વદેશી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ ગમતાં નથી પણ વિદેશી વસ્તુઓના વિષયો ભોગવવામાં જેમની ઇન્દ્રિયોને રસ પડે છે; એટલુંજ નહિ પણ પોતાના સ્વદેશી ધર્મના આચાર વિચાર અને ભાવમાં રહેલા ગુણો પણ જેમને દોષરૂપ દેખાય છે, જેઓને વિદેશી પ્રજાઓના ધર્માભાસનાં અનેક દૂષણો છતાં તે ગુણરૂપે દેખાય છે, તથા જેઓ સ્વકીય દેશના જાતિના અને પૂર્વજ પરંપર પ્રાપ્ત ધર્મને ઢીલો કરવામાં શાણપણ અને મોટપણ માને છે, તેવી વ્યક્તિઓની સલાહથી કે પ્રયત્નથી રાષ્ટ્રીય ઉન્નતિની આશા કેમ રાખી શકાય ?

## મર્યાદાઓ તોડવા મથનારાઓ દેશનું શું શ્રેય સાધી શકશે ?

રાષ્ટ્રીય ઉન્નતિ સાધવાના વિધાનમાં તેમજ આર્થિક ઉન્નતિ સાધવાના વિધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવા જેટલી નિઃસ્પૃહતાની જરૂર પડે છે. આ સિદ્ધાન્તના દ્રષ્ટાન્તો ભારતવર્ષના ઇતિહાસોમાં જોઇએ તેટલાં છે. તે વિષયત્યાગ અને નિઃસ્પૃહતા વિના ઝાંઝવાના જળ જેવી મનઃકલ્પનાથી તૃષ્ણામાં તણાઇ સ્પૃશ્યાસ્પૃશ્ય મર્યાદા અને ભક્ષ્યાભક્ષ્ય મર્યાદા તથા ગમ્યાગમ્ય મર્યાદાને તોડવાના કાર્યમાં પડેલા દેશનું અને રાષ્ટ્રનું શું શ્રેય સાધી શકશે ? આવા પ્રાણીઓ હિંદુ પ્રજાની હૈયાતીને પણ નહિ જોખમાવે એનું પણ શું પ્રમાણ ?

આર્થિક અવનતિમાં આવેલી જનતાએ તેમજ વ્યકિતએ અસાધારણ મનઃસંયમ અને ઇન્દ્રિયનિગ્રહપૂર્વક વિચાર અને પુરૂષપ્રયત્ન સેવવાનો છે. તેણે કાયિક તરંગોને વશ થઇ મનમાનતા ઘાટ ઘડવાના નથી. નવી તેમજ જુની પ્રજાઓના ડાહ્યા મહાપુરૂષોએ એ બાબત તો સ્વીકારી છે કે જેઓ નાની નાની બાબતોમાં છુટ મેળવવાને તલપાપડ થાય છે, તેઓ મોટી છુટ કે સ્વતંત્રતા અથવા સ્વરાજ્ય મેળવવાને લાયક નથી, જે પાઇ પાઇની પણ દરકાર રાખતો નથી તે માણસ શ્રીમાન થવાને સર્જાયલો નથી. તેજ પ્રમાણે ધર્મ અને તેમાં પણ આપણો હિંદુઓનો ધર્મ કે જે મનઃસંયમ, ઇન્દ્રિયનિગ્રહ અને તિતિક્ષાનાં નાનાં નાનાં પણ આરોહ ક્રમવાળાં મનોયત્નોથી ભરપૂર છે, તેની અવજ્ઞા કરીને, તેનાં અંગો મચરડી નાંખીને, તેનું બંધારણ શિથિલ કરીને અથવા તેનું ખુન કરીને જેઓ ભોગ, પ્રગતિ કે મોક્ષની આશા રાખે છે, તેઓ ઝેર પીને અમર બનવાની આશા રાખે છે.

ધાર્મિક આચાર વિચારમાં જેઓ દેશકાળનું બહાનું બતાવી શિથિલતા, વિકાર કે ધ્વંસ કરવા માગે છે, તેઓનું કહેવું કેટલું ગેરવાજબી છે તેનો ખ્યાલ તો પ્રત્યક્ષ સિદ્ધ થાય તેમ છે. તેઓ કહે છે કે આ કલિયુગનો સમય છે, માટે ધર્મના બંધન બહુ મજબૂત ન હોવાં જોઇએ, પણ ઢીલાં કરવાં જોઇએ, આમ કહેવું એ બિલકુલ યુક્તિયુક્ત નથી. પ્રથમ તો એ વિચાર કરવો જોઇએ કે કલિકાળ એટલે કેવો કાળ ? કલિકાળએ પાપ પ્રધાન સમય ગણાય છે, અર્થાત્ અધર્મ પ્રધાન કાળ કલિયુગ છે. હવે ઉન્હાળો એ કેવો સમય છે, તેનો વિચાર કરો. ઉન્હાળો તાપપ્રધાન કાળ છે. ઉન્હાળામાં છત્રીઓ રાખવી નહિ, અને છત્રીઓ રાખવી તો ઘણાં ફાટી ગયેલાં અથવા છિદ્રોવાળાં કપડાંની રાખવી; તથા ઉન્હાળામાં કોટે સળગતી સઘડીઓ બાંધી રાખવી; તથા પાણી પણ ઉનું ખળખળતું કિંવા કોકળતરણું પીવું; ખુબ ગરમ પદાર્થો ખાવા. આ ઉપદેશ કોઇને ગ્રાહ્ય થશે ? આવોજ અગ્રાહ્ય ઉપદેશ, પાપમય તથા અધર્મપ્રધાન કલિકાળમાં પાપવૃત્તિને નિભાવી લેવાનો અને ધર્મ શૈથિલ્ય કરી અધર્મ પ્રતિ ગમન [illegible] ...ળામાં જેમ તાપનિવારક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે પાપ અને અધર્મની મોસમ રૂપ કલિકાળમાં તો પાપ અને અધર્મને દૂર રાખનાર પ્રયત્નોનોજ ઉપદેશ અને પ્રચાર સર્વમાન્ય છે; આ પાપ અને અધર્મ-પ્રધાન કલિયુગમાં ધર્મબંધન વધારે દૃઢ શાસ્ત્રકારોએ કર્યા છે, તેમ શિષ્ટસમુદાય રૂપ જ્ઞાતિસંસ્થાએ પણ પોતપોતાના પ્રબંધો સબળજ બનાવ્યા છે. નિષ્પાપતાના અધિક અંશવાળા પૂર્વ યુગોમાં જે કાંઇ શિથિળતા ચાલી શકે તે શિથિળતાનો સખ્ત નિષેધ કલિ વર્જ્ય પ્રકરણમાં સ્મૃતિઓએ કર્યો છે; પરંતુ નિષ્કૃતિ આદિ દોષોનાં પ્રાયશ્ચિત્ત વિગેરેમાં યોગ્ય નરમાશ શાસ્ત્રો અને શિષ્ટાચારે કલિકાળમાં શરીરની અશક્તિ વિચારી દાખલ કરી છે. પણ સમાજનો ધ્વંસ કરે તથા પ્રજાના અસ્તિત્વના અને સલામતીના પાયા પોલા કરી નાંખે એવી છુટને દાખલ કરવાનો હેતુ કે ઉપદેશ કોઇ પણ ઠેકાણે નથી. કેમકે એવી છુટથી તો હરકોઈ પ્રજા અને વિશેષ કરીને હિંદુઓની સાંપ્રત દશા જેવી દશામાં આવી પડેલી પ્રજાનો તો મૂલોચ્છેદજ થઇ જાય, અંગે અંગ અને અણુએ અણુ છુટા પડી જાય એ સ્વાતંત્ર્યના ઉપાય નથી; પણ એવી છુટ તે વિનાશ છે અને એવા ઉપચાર તે આપઘાતના ઉપાય છે. ચારે તરફથી આપણા પ્રયત્નો અફળાઈ પડે છે, દશ દિશામાં, દેશમાં અને પ્રદેશમાં નેતાઓનો પણ અપાર પરિશ્રમ કરતાં પણ કાર નથી, એ વિગેરે સર્વ અનર્થના અવિચારી કાર્યોનાં પરિણામ છે.

## સ્વદેશી દ્રષ્ટિથી જુઓ અને સ્વદેશી મનથી વિચારો.

પરિસ્થિતિ આ પ્રમાણે છે, પણ પરધર્મી અને ઇતર પ્રજાનું અનુકરણ કરનારાને કોઇ ઓરજ પ્રકારનો દૃષ્ટિવિકાર નડે છે. સ્વદેશીની બૂમો પાડનારાઓને તેમના માતા પિતા, પૂર્વજો અને માતૃભૂમિની ખાતર આગ્રહ પૂર્વક એટલું તો કહેવાનો અમારો હક્ક છે ( સ્વરાજયના હક્કથી પણ એ હક્ક વધારે પ્રબળ અને વધારે જન્મસિદ્ધ છે ) કે—'તમે જરી સ્વદેશી દ્રષ્ટિથી જુઓ અને સ્વદેશી મનથી વિચારો.' જુઓ સમય વીતિ ગયો નથી. હળાહળ કળિયુગમાં પણ ધર્મની સ્થિતિ અને તેનું સંરક્ષણ તો થવાનુંજ છે.

આપાતતઃ હવે એ વિચારવાનું ઉપસ્થિત થાય છે કે પોતાના લૌકિક અને અને પારમાર્થિક ઇષ્ટાર્થની સિદ્ધિને માટે હિંદુ પ્રજાની પાસે શી સામગ્રી છે અને તેનો કેવો ઉપયોગ કરવો ? અર્થાત્ હવે શું કર્તવ્ય છે ? દેવોને પણ દુર્લભ અને દેવો પણ જેના ઉપર આધાર રાખે છે, અને નિરંતર જેના યશ ગાય છે એવી ધર્માનુષ્ઠાનને અનુકૂળ તથા મર્યાદાશીળ ધર્મક્ષેત્રરૂપ શ્રીભારતભૂમિ જેવી માતૃભૂમિ છે એ તમારી પહેલી મહાસમૃદ્ધિ છે. જેઓ શ્રૌત સ્માર્ત ધર્મનું ભાવપૂર્વક શ્રદ્ધા સમેત અનુષ્ઠાન કરે અને પોતાના પૂર્વજો અને તેમના ઉપદેશના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદર્શને અંતઃકરણમાં સંતત રાખે તેજ પ્રજા આ ભૂમિમાં—ધર્મભૂમિમાં વસી શકે તેમ છે. ઇતર અતિથિઓ હજારો આવશે અને જશે, પણ જો સ્વધર્મ નહિ છોડો તો આ ભૂમિના ઉત્સંગમાંથી કોઇ પણ તમને દૂર કરી શકવાનું નથી. પણ જો તમે ખોટી લાલચોને વશ થઇ તમારો ધર્મ છોડશો અને બીજી ધર્માભાસવાળી પ્રજાઓનું અવિચારીપણે અથવા કુવિચારી પણે અનુકરણ કરશો તો તે અનુકરણ એજ તમારો આત્મવધ થઇ પડશે. માટે સાવધાન રહો ! તમારા પોતા તરફ જુઓ, તમારા શરીરમાં વહેતા રૂધિર તરફ જુઓ, તમારા યશસ્વી પુણ્યમૂર્તિ પૂર્વજો તરફ જુઓ, અને તે પછી તમારે જે ઉપાયો ઉન્નતિ માટે યોજવા હોય તે યોજો.

## હિંદુ પ્રજાની પાસે સામગ્રી શી છે ?

હિંદુ પ્રજા પાસે જ્ઞાતિ રૂપ અંતર વ્યવસ્વસ્થાવાળી વ્યવસ્થામાં વર્ણ અને આશ્રમ ધર્મનું મૂળ સ્વરૂપ જેવુંને તેવું અકબંધ છે. દયા, દાન અને દમ ( ઇન્દ્રિય દમન ) નું વલણ પણ અસલ જેવુંજ હજુ પણ છે; એકતામાં વ્યવસ્થાપક અનેકતા અને અનેકતામાં વ્યાપક એકતા પણ તેવીજ અપ્રતિહત છે; અંતઃકરણને વ્યગ્ર ન થવા દેતા હરેક કાર્ય માટે ઉપયોગી એવી એકાગ્રતાને તથા સમાહિત સ્થિતિ ઉપજાવનાર સ્વસંતોષ અને પોત પોતાના કર્ત્તવ્યમાં હલકાઇનો ભાસ થઇ અદેખાઇનો પ્રવેશજ થવા ન પામે એવી જાતિસિદ્ધ ધર્મબુદ્ધિ પણ સર્વત્ર સુસ્થાપિત છે પ્રાણાહુતિ પર્યંત નિઃસ્વાર્થતા અને નિષ્કામના પણ હજુ મરી ગઇ નથી. આર્ય પૂર્વજોના લોહીમાં વહેતાં બુદ્ધિ અને બાહુબળ પ્રજામાં છે. તેની સાથે પોતાનું હિંદુત્વ જાળવવાની સાથે ઇતર પ્રજાની સાથે હળીમળીને કામ કરવાની સાત્વિકતા પણ પ્રત્યક્ષ છે. આ ઉપરાંત બીજી ઘણી સામગ્રી હિંદુ પ્રજાની પાસે છે, પણ નવી પરિસ્થિતિને અનુસરી તે સમગ્રનો ઉપયોગ કરવાની તેઓને ગમ પડતી નથી. તથાપિ તેમાં તેઓનો દોષ નથી. તે દોષ પણ તે પરિસ્થિતિનોજ છે.

## સાંપ્રત પરિસ્થિતિ.

પરિસ્થિતિ એવી છે કે જુના વિચારવાળા નાયકો માંહેના ઘણાખરા હિંદુપ્રજાની સાધનસામગ્રીનો અવિવેકપૂર્વક થતો ઉપયોગ અટકાવવાનો પ્રયત્ન કરતા નથી, અને નવા વિચારના નાયકો તે સાધન સામગ્રીને હિંદુ પ્રજાની હયાતિનેજ પ્રલયાગ્નિમાં હોમવાના ઉપયોગમાં યોજવા એકે પગે થયેલા છે. મુકાબલે જોતાં જુનાઓની ખામી ઉન્નતિમાં થતા વિલંબ માટે જવાબદાર છે; નવાઓ તો હિંદુ પ્રજાના પ્રણાશના જોખમદાર છે. વિલંબ પ્રત્યક્ષ હોવાથી અધીર વ્યકિતઓને અસંતોષ ઉપજાવે છે; પ્રણાશનું જોખમ ભાવી હોવાથી ટુંકી બુદ્ધિના માણસોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂલમાં ફસાવી " પીળું જણાય તે બધું સોનું " એવી માન્યતા ઉપજાવી રહ્યું છે. ખરી રીતે બોલીએ તો તે જેને હાલ સંક્રાંતિ કહેવામાં આવે છે એવી સંભ્રાન્તિની દશામાં થતી તાણુતાણ છે. આ પ્રતાણુતાણુની સ્થિતિમાં એક પ્રકારનો ખીચડો થતો જણાય છે. આ ખીચડો થયો છે તે અનિવાર્ય છે. સર્વ પ્રજાઓમાં આવા પ્રસંગો કોઇ કોઇ વાર પણ આવ્યા વિના રહેતા નથી. આવા પ્રસંગોમાં શું કરવું તેનો ઉપાય એજ છે કે જે શિષ્ટાચાર તમારા પૂર્વજોએ સ્થાપ્યો છે, તે માર્ગે ચાલવાનો તમે પ્રયત્ન કરો–એજ તમારો સનાતન ધર્મ છે. બંને જમાનાવાળાઓનું તેમાં હિત રહેલું છે, તેથી પિતાપિતામહનો.પરંપરાનો શુદ્ધાચાર છોડવો નહિ તથા ઉન્નતિને માટે ઉપચારો અને ઉપાયો કરતાં રહેવું, તોજ આપણી સ્થિતિ અર્થાત્ અસ્તિત્વ રહેશે, અને સાચી પ્રગતિ ઉન્નતિ વિગેરે આપણને પ્રાપ્ત થઇ શકશે.

આ લેખ અમારા વાંચકોને તેમજ જૈન વર્ગમાં પણ ઉછરતી રહેલા નવ યુવકોને ઉપયોગી અને સયુક્તિક જાણી અમે પ્રગટ કર્યો છે, આશા છે કે તેઓ આ લેખ શાંતિથી વાંચી તેનો સાર ગ્રહણ કરશે. તંત્રી.

## સ્ફુટ નોંધ અને ચર્ચા.

પ્રતિમાસ આવતાં પર્વોની સંખ્યામાં પોસમાસમાં પોસ દશમનો દિવસ આવે છે. અમારા ગ્રાહક બંધુઓના હાથમાં આ અંક આવશે તે પહેલાં તો તે વ્યતિક્રમી પણ ગયો હશે. પોસ દશમ તે ગુજરાત–કાઠિયાવાડની અપેક્ષાએ ગણાતો માગશર વદ ૧૦ નો દિવસ છે. રાજપુતાના, પંજાબ, માળવા, બંગાળા વિગેરેમાં આપણા તરફની ગણાતી વદને હવે પછીના મહિનાના નામથી ઓળખવામાં આવતી હોવાથી માગશર વદ ૧૦ તે પોસ વદ દશમને નામે ઓળખાય છે. આ દિવસ તે પરમોપકારી ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથના જન્મ કલ્યાણકનો દિવસ છે. આ આખી ચોવીશીમાં પાર્શ્વપ્રભુનું નામ ઇતિ–ઉપદ્રવ સંહરવામાં વધારે સબળ કારણ રૂપ દેખાય છે, આ સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિ, ઇતિ, ઉપદ્રવ મટાડનાર, દુઃખ દોહગ ચૂરનાર અને સુખ સંપદા આપનાર તે પ્રભુનું નામસ્મરણ ગણાય છે, અને તેમના આદેય નામકર્મના પ્રકર્ષથી તેમ બને પણ છે. પરભવમાં સ્વર્ગ અને મોક્ષનું સુખ તે નામનું સ્મરણ આપી શકે છે. ઘણે સ્થળે તીર્થસ્થાનોમાં પાર્શ્વનાથનીજ મુખ્યતા હોય છે, અને તેમની પૂજા–પ્રભાવનાથી ઘણાનાં કષ્ટો દૂર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા આભવ–પરભવમાં સર્વ પ્રકારનાં ઇહલૌકિક અને પારલૌકિક સુખ આપનાર પાર્શ્વનાથ પ્રભુનો આ પોસ દશમ જન્મ કલ્યાણકનો દિવસ છે. પ્રત્યેક માસની વદ દશમી યથાશક્તિ તપાદિવડે આરાધવાથી તે પ્રભુના કલ્યાણકની આરાધના થઇ શકે છે. આ તપ દશ વર્ષ સુધી કરવાનો છે. તે માટેની વિધિ આ પ્રમાણે છે. " પ્રથમ કૃષ્ણ નવમીને દિવસે સાકર અથવા ખાંડનું ઉષ્ણ પાણી કરી તેનું પાન કરવું અને એકલઠાણું કરવું, દશમીને દિવસે એકઠામે આહાર કરી ( એકાસણું કરી ) તેજ ઠામે પાણી પીને ચોવિહાર કરવો, ભૂમિશયન કરવું, બ્રહ્મચર્ય પાળવું, બે વખત પ્રતિક્રમણ કરવાં, તથા **'श्रीपार्श्वनाथाय अर्हते नमः'** એ મંત્રનું બે હજાર ગણાણું ગણવું. એકાદશીને દિવસે પણ એકાસણું કરવું. પ્રતિક્રમણ, બ્રહ્મચર્ય પાલન અને ભૂમિશયન ત્રણે દિવસ કરવાં, તથા બહુ ભાવથી દેરાસરમાં અષ્ટ પ્રકારી અથવા સત્તર પ્રકારી પૂજા કરવી, અને પારણાને દિવસે યથાશક્તિ સ્વામીવાત્સલ્ય કરવું." પોસ દશમનો દિવસ આરાધવાની આ વિધિ છે. દરેક પુરૂષ કે સ્ત્રી આચરી શકે તથા કરી શકે તેવા પ્રકારનો અને અંતે પરમોપકારી થાય તેવો આ તપ છે. આ પર્વનું આરાધન કરનાર શ્રી પાર્શ્વનાથ અને મહાવીર ભગવંતના આંતરામાં થયેલા સુરદત્તશેઠીની જેમ આભવ–પરભવમાં સુખ–સંપત્તિ–સ્વર્ગ અને મોક્ષ મેળવે છે. તેની વિસ્તારથી કથા પર્વોની કથાની બુકમાં આપેલી છે. આ આદરવા લાયક વ્રતનો અમારા વાંચક બંધુ યથાશક્તિ અવશ્ય આદર કરશે એવી આશા રાખવામાં આવે છે.

* * * * * *

લડાઇ પૂરી થઇ, વરસાદ સારા થયા, સ્ટીમરાદિનો વ્યવહાર પરદેશો સાથેનો શરૂ થયો, જગત્‌માં ઉપલક દ્રષ્ટિએ શાંતિ ફેલાતી હોય તેમ લાગ્યું, અને બોંબ ગોળા છુટતા તે પણ બંધ થયાં, છતાં હમેશની જરૂરીઆતની ચીજોની મોંઘવારી તો ઘણી સખત ચાલુ છે. આ સાલની મોંઘવારી તો વળી આગલા સર્વ વરસોની મોંઘવારીને ભૂલાવે તેવી થઇ છે. ઘી, તેલ, ખાંડ, સાકર, દાણા, કાપડ દરેક વસ્તુઓ અતિ મોંઘી થઇ છે અને થતી જાય છે, મોંઘવારીનો ખ્યાલ આવતાં સર્વેનાં હૃદય કંપે તેવો સમય આવી ગયો છે. અનાજ ઘણું પાક્યું છે, છતાં મોંઘવારી તો વધતીજ જાય છે. પરદેશો દરેક વસ્તુ માટે ભુખ્યા છે, હિંદુસ્તાનમાંથી કાચોમાલ, અનાજ તથા ગાયો પણ સંખ્યાબંધ પરદેશ ચડે જાય છે. ધનવંત તે મુલકો ગમે તે ભાવથી વસ્તુઓ ખરીદી અત્રેથી ઉપાડી જાય છે, અને આપણા દેશમાં મોંઘવારી થાય છે. મજુર તથા ખેડુત વર્ગને તો પૈસા વધારે આવે છે તેથી આ મોંઘવારી તેમને વિશેષ ઉપદ્રવ કરનાર લાગતી નથી, પણ વચલા વર્ગના લોકો વાણિયા અને [illegible], કે જેની આવક અમુક હદમાં સંકુચિત થયેલી [illegible] છે [illegible]

For Private And Personal Use Only

મોંઘવારી લીધે જેઓને ખર્ચનો હીસાબ રહેતો નથી તેઓનો ખરેખરો મરો થાય તેવો સમય છે. ટુંકી આવકવાળાને ખાવાની ચીજનો ખર્ચ પણ શું થાય તેનો વિચાર આવતાં હૃદય કંપે તેવો વખત છે. દરેક માણસને ઉદરપૂર્તિ તો કરવીજ પડે, ભલે શોખની કે પૌષ્ટિક ચીજો ન ખાય, પણ ઉદર પૂર્ણ થાય તેટલું ખાવાનું તો જોઇએ જ. તેટલામાં પણ કેટલો ખર્ચ થાય તે વિચારવા જેવું છે. ખરેખરો સ્વામીવાત્સલ્ય કરવાનો આ સમય છે. ઉપધાનાદિ અને અઠ્ઠાઇ મહોત્સવોના ખર્ચ સાથે શ્રીમંત બંધુઓએ આ બાબતનો પણ વિચાર કરવા જેવું છે. પોતાના હાથ નીચેના અને સ્વજાતિના બંધુઓનો પ્રથમ વિચાર કરવાનો સમય છે. શ્રીમંત બંધુઓને પોતાનો ઉદાર હાથ મોંઘવારીથી મુંઝાતા સ્વામી બંધુઓને આ મોંઘવારીનું કષ્ટ ન પડે તેવી રીતે લંબાવવા, તેવી દુકાનો ખોલીને અગર અન્ય પ્રયત્ન કરીને સહાય આપવા અમારી વિનંતિ છે. આશા છે કે સર્વ સ્થળે વિચરતા મુનિ મહારાજાઓ પણ આજ બાબતનો ઉપદેશ કરશે, અને શ્રીમંત બંધુઓ સ્વામી બંધુની સેવામાં કટીબદ્ધ થશે. ખરી સ્વામીભક્તિ આમાંજ રહેલી છે તે વારંવાર જણાવવાની જરૂર નથી.

* * * * *

આચાર્ય પદવી પ્રદાન મહોત્સવો જોવાનો અને સાંભળવાનો લગભગ દર વર્ષે પ્રસંગ આવે છે. હાલમાંજ અમદાવાદમાં પંન્યાસ નીતિવિજયજીને આચાર્ય પદ બહુ ધામધુમથી આપવામાં આવ્યું છે. પ્રત્યેક સાધુ આચાર્ય અગર બીજા કોઇ પણ પદોથી વિભૂષિત થાય તેમાં અમને તો કાંઇ પણ વાંધો જણાતો નથી, પણ પદારોહણ કરનાર દરેક વ્યક્તિએ તે પદારોહણ પછી પોતાની કેટલી ફરજ વધે છે તે સમજવાની અને તદનુસાર આચરણ કરવાની જરૂર છે. કાર્ય–ક્રિયા નિષ્પન્ન અને ગુણ નિષ્પન્ન તેમ પદોના બે વિભાગ છે. પંન્યાસાદિક પદવી તો અમુક યોગોદ્વહનની ક્રિયા કર્યા પછી મેળવાય છે, તેમાં તપસ્યા ગુણની વિશેષતા છે. પણ આચાર્ય, ઉપાધ્યાય, વ્યાખ્યાન વાચસ્પતિ, ન્યાયરત્ન વિગેરે પદો તો ગુણનિષ્પન્ન છે. તેમાં ક્રિયા પ્રાયે સ્વલ્પ કરવાની હોય છે. આ ગુણનિષ્પન્ન પદવીઓ પ્રાપ્ત કરનાર મુનિ મહારાજ તે પદવીથી જે ફરજો બજાવવાની હોય તે બજાવે–જૈન, જૈનકોમ, જૈનધર્મ અને ચતુર્વિધ સંઘની ઉન્નતિ થાય તેવા પ્રયાસો કરે. પોતાનો સર્વ સમય તેવા કાર્યોમાંજ પસાર કરે, તો તે આ પદવીપ્રદાન અને તત્સંબંધે થતા મહોત્સવો ફળદાયી નીવડે છે. જૈનકોમને વિશિષ્ટ ફરજ સમજનારી વ્યક્તિઓની વધુ પ્રાપ્તિ થવાથી તે સવિશેષ ભાગ્યશાળી થાય છે. પણ આવા પદવી મહોત્સવો ફક્ત તે નામધારી પદો વધારવા માટેજ કરવામાં આવે, પદવીધરો ત્યારપછી પોતાની ફરજથી વિનિર્મુક્ત રહે તો તે તે મહોત્સવોના ખર્ચો જૈનકોમને ભવિષ્યમાં આફતરૂપ થઇ પડી જાય એમ અમને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો લાગે છે, નવીન પદવી ધારણ કરનારા આચાર્યશ્રીને, તથા અન્ય સુરતાદિ સ્થળે પંન્યાસ પદવી ધારણ કરનારા મુનિ મહારાજાઓને અમારી નમ્ર વિનંતિ છે કે જે ઉચ્ચ પદારોહણ કરવા આપ તત્પર થયા છો, તેને સફળ કરવા અને જે સંઘે આપનામાં તે માટેની લાયકાત જોઇ છે તે લાયકાતને વિશેષ ફળીભૂત કરવા આપ સંપૂર્ણ પ્રયત્નવાન્ બનશો, અને જૈન કોમ તથા જૈન ધર્મની વૃદ્ધિ, આબાદી અને ઐક્યતા વધે તેવા પ્રયાસો જરૂર કરશો.

* * * * *

માગશર વદિ ૫ને દિવસે પાલીતાણામાં નામદાર ઠાકોર સાહેબ બહાદુરસિંહજીને રાજ્યારોહણ કરવામાં આવ્યા છે. મર્હુમ ઠાકોર માનસિંહજી ગુજરી જતાં ઠાકોર બહાદુરસિંહજી સગીરવયના હોવાથી પાલીતાણામાં યુરોપીયનોદ્વારા મેનેજમેંટ કરવામાં આવેલ હતું. ના. બહાદુરસિંહજીના રાજ્યારોહણ પ્રસંગે શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓ અને અને અમદાવાદની મેનેજીંગ કમીટીના મેંબરો સારી સંખ્યામાં પાલીતાણે આવ્યા હતા, એક સુંદર અને મૂલ્યવાન્ કાસ્કેટમાં ના. બહાદુરસિંહજી ઠાકોરને બહુ ઠાઠમાઠથી માનપત્ર આપવામાં આવ્યું હતું, તથા પોશાક નિમિત્તે બહુ સારી રકમ શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓ તરફથી આપવામાં આવી હતી. નામદાર બહાદુરસિંહજી ઠાકોર ઇંગ્લાંડ જઇ વિદ્યાભ્યાસ કરી આવેલા છે, તેઓ સ્વતંત્રતાની હવામાં ઉછરેલા છે, સ્વતંત્ર રીતે વિચાર કરે તેવી શક્તિવાળા છે, તેથી આણંદજી કલ્યાણજીના તથા શ્રી સિદ્ધાચળજી તીર્થના સંબંધમાં જે સંકુચિત નીતિ તે રાજ્ય તરફથી વારંવાર ધારણ કરવામાં આવે છે તે ના. બહાદુરસિંહજી ઠાકોરના રાજ્યમાં નાબુદ થશે, અને વધારે છુટથી અને સરલતાથી અરસપરસનો વ્યવહાર ચાલુ કરવામાં આવશે તેવી આપણે આશા રાખીશું. વળી કસ્ટમના નામથી પાલીતાણા સ્ટેશને ઉતરતાં જે હેરાનગતિ દરેક યાત્રાળુને ભોગવવી પડે છે તેમાં પણ ફેરફાર કરવામાં આવશે, અને તેવી રૂઢી સદંતર બંધ કરવામાં આવશે તેવી પણ આપણે આશા રાખીશું. શેઠ આણંદજી કલ્યાણજીના માનવંત પ્રતિનિધિઓએ રાજ્યારોહણ પ્રસંગે બહુ સારો દેખાવ કરી બતાવ્યો છે. હવે સામો તેવોજ સુંદર દેખાવ કરી બતાવવો તે નામદાર મહારાજાની ફરજ છે.

* * * * *

બારમી જૈન ( શ્વેતાંબર ) કોન્ફરન્સનો મેળાવડો મારવાડમાં શ્રી સાદરી ગામમાં ભરવાનું નકી થઇ ગયું છે, તે માટે આમંત્રણ પત્રો પણ બહાર પડી ચૂક્યાં છે, અને તે માટેના દીવસો પોસ શુદી ૨-૩-૪ તા. ૨૫-૨૬-૨૭ ડીસેમ્બર રાખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનો આવ્યા છે. આ અંક અમારા ગ્રાહક બંધુઓના હાથમાં જશે તે લગભગ તો કોન્ફરન્સ ભરાવાનો સમય પણ થઇ જશે. દરેક સ્થળેથી ડેલીગેટો સારા પ્રમાણમાં જશે તથા જૈન કોમની ઐક્યતા સાધવાના આ અનુપમ સાધનમાં સર્વ બંધુઓ યથાશક્તિ ફાળો અવશ્ય આપશે. તેવી અમને આશા છે. સાદરી જવામાં આબુજીની યાત્રાનો તથા વરકાણા, નાડોલ, નાડલાઇ, ઘાણેરા, મુછાળામહાવીર વિગેરે પંચતીર્થના સ્થળોની યાત્રાનો લાભ મળે તેમ છે, તથા સાદરીની નજીકમાંજ આખા હિંદુસ્તાનમાં જે દેશાસરનો નમુનો નથી તેવા નલિની ગુલ્મ વિમાનની આકૃતિ વાળા ૧૪૪૪ થાંભલા તથા ૮૪ ભોંયરાઓથી વિભૂષિત શ્રી રાણકપુરજીના મહાન અને ભવ્ય દેરાસરના દર્શનનો પણ લાભ મળે તેમ છે. વળી સતત ઉદ્યમી મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ સપરિવાર ત્યાં બિરાજે છે, તેમના દર્શનનો, સદુપદેશનો પણ લાભ મળશે. સાદરી કોન્ફરન્સમાં જવામાં આ પ્રમાણે સ્વામીબંધુઓનાં દર્શન, ઐક્યમાં વૃદ્ધિ, તીર્થયાત્રાનો લાભ, મુનિમહારાજનાં દર્શન વિગેરે ઘણા લાભો છે. કોન્ફરન્સના પ્રમુખ તરીકે હોશિયારપુર વાળા બાબુસાહેબ દોલતરામજી નાહરને પસંદ કરવામાં આવ્યા છે. આ બારની કોન્ફરન્સ વિજયવતી નિવડો અને જૈન કોમના ભવિષ્યના ઉદયમાં વિશેષ સહાયકારી થાઓ તેવી અમે આશા રાખીએ છીએ.

* * * * *

માગશર વદિ ૨ ને બુધવારને દિવસે સવારમાં જૈનકોમે એક ઉચ્ચ પ્રતિનો શુદ્ધ જાતિનો વયોવૃદ્ધ પણ સરલ હીરો ગુમાવ્યો છે. તે દિવસે વયોવૃદ્ધ મહાત્મા મુનિરાજ શ્રીગુલાબવિજયજીએ ભાવનગર નજીક ગોઘા ગામમાં નવખંડા પાર્શ્વનાથજીની શિતળ છાયા નીચે પ્રભુનામ સ્મરણ કરતાં દેહત્યાગ કર્યો છે, આ મહાત્મા ૭૫ વરસની લગભગ ઉમરના હતા, પણ બાળપણથીજ મુનિવેષ ધારી થયા હતા. તેમનો જન્મ કીશોરગઢ ગામમાં બ્રાહ્મણ કુળમાં થયો હતો. ૭ વરસની બાલ્યવયથી તેમને જતિના હાથમાં સોંપવામાં આવ્યા હતા, અને નવ વરસની ઉમરે તેઓને જતિપણાની દીક્ષા આપવામાં આવી હતી, ત્યાર પછી યતિપણામાં ધર્મસાધનની સરખાઇ ન દેખાવાથી યતિપણું છોડી દઇ શ્રી રાજેંદ્રસૂરિ પાસે દીક્ષા અંગીકાર કરી, ત્યાં પણ ત્રણ થોઇની ખટપટથી તેમના જીવને શાંતિ નહિ મળવાથી ત્યાંથી પરમોપકારી પ્રાતઃસ્મરણીય મહાત્મા મુળચંદજી મહારાજ પાસે અમદાવાદ આવીને સંવેગી દીક્ષા અંગીકાર કરી, અને જીવન પર્યંત ક્રિયાનિષ્ઠ, સતત સંયમોદ્યમી તરીકે લાંબા વખત સુધી સંયમ માર્ગ આરાધ્યો. તેઓ બાળબ્રહ્મચારી હતા, વચનસિદ્ધ હતા, અને તેમને જોતાં તેમની મુખાકૃતિ ઉપરથીજ તેમની ભવ્યતા, સરલતા, માહાત્મ્ય, અને સંયમોત્સાહ તાદૃશ જણાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતા હતા. તેઓએ લુણાવાડામાં લગભગ વીશ ચોમાસાં કર્યાં, તેથી તેઓ લુણાવાડાવાળા તરીકે પ્રખ્યાત થયા હતા. હાલમાં શરીરની અશક્તિને લીધે છેલ્લાં નવ વર્ષથી તેઓ ગોધામાંજ ચોમાસાં કરતા હતા. ત્યાંની શીતળ હવાથી તેમની પ્રકૃતિ સ્વસ્થ રહેતી હતી. સંયમની ક્રિયા કરવી, વ્યાખ્યાન વાંચવું, ઉપદેશ આપવો વિગેરેમાં હંમેશા ઉદ્યમી હતા, અને વર્તમાન સમયની ખટપટથી તદ્દન દૂર રહેનારા હતા. તેઓએ તો જ્યાં ગયા હશે ત્યાં સંયમની ઉત્કૃષ્ટ આરાધનાથી અવશ્ય ઉત્તમ સ્થળજ મેળવ્યું હશે, પણ તેમના દેહાવસાનથી જૈન કોમે એક ઉત્તમ અને ગુણી મહાત્મા ગુમાવ્યો છે. આવા અમૂલ્ય હીરાની ખોટ જૈન કોમમાં ક્યારે પૂરાશે તેની ખબર પડતી નથી. આ મુનિ મહાત્માના મરણથી તેમના શિષ્યાદિને દિલાસો આપતાં તેમનાજ સન્માર્ગે ચાલવા તેમને વિનંતિ કરીએ છીએ. આ મહાત્માના મરણપ્રસંગે ગોધાના શ્રી સંઘે બહુ ઉદારતા દર્શાવી છે. આવા નાના ગામમાં પણ મહાત્માના શ્રેયાર્થે વાપરવા રૂ. ૧૩૦૦) લગભગ જુદી જુદી વ્યક્તિએ કાઢ્યા છે, અને તેમનો અવસાન ખર્ચ, અઠ્ઠાઈ મહોત્સવ, તથા દેરી વિગેરેનો ખર્ચ પણ ઘરજમાંઈ મગનલાલ તરફથી આપવામાં આવનાર છે, જેમાં એક હજાર ઉપરાંતનો ખર્ચ થવા સંભવ છે. અમે તે મહાત્માના આત્માને શાંતિ ઈચ્છીએ છીએ.

* * * * *

હાલમાં બહાર પડતા ચર્ચાત્મક પેંફલેટો કેવી ખરાબ અસર નીપજાવે છે, તે ઉપર અમારા વાંચક બંધુઓનું અમે પ્રથમ ધ્યાન ખેંચી ગયા છીએ. આવા પેંફલેટોની કાંઈ પણ નોંધ ન લેવી તેવીજ અમારી ઇચ્છા છે; પણ કોઈ કોઈ પેંફલેટો ઉંધે રસ્તે દોરનારા, અને વાંચકોને અધોગતિએ પહોંચાડનારા દૃષ્ટિએ પડે છે કે તે વાંચી હૃદય કમકમે છે અને તેવા પેંફલેટોની ઉંધી અસર અમારા વાંચક બંધુઓ ઉપર ન થાય તેવા ઇરાદાથી તેમનું ધ્યાન ખેંચવા માટે ટુંકમાં તેવા પેંફલેટ અગર બુકોની નોંધ લેવાની જરૂર પડે છે. હાલ છપાવાનો જમાનો છે, સર્વને માટે પ્રેસો છાપખાનાં ઉઘાડાંજ છે, પણ જેનાથી આત્મોન્નતિ થતી અટકે, નકામા કલેશની વૃદ્ધિ થાય તેવું કાંઈ પણ ન વાંચવું, અગર વાંચીને ઉંધી અસર થવા ન દેવી તેટલું અમારા વાંચક બંધુઓને જણાવવાની અમારી ફરજ સમજીએ છીએ. હાલમાં સુધારો કરાવવા ઇચ્છતા મંડળમાં પંડિત–બંસીલાલ સોમનલાલે ઝંપલાવ્યું છે, અને "જૈનોના ગુરૂદેવોમાં નિર્નાયકપણું" તે મથાળા નીચે એક પેંફલેટ બહાર પાડી સાધુજીવનની કાળી દિશા દેખાડવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. કદાચ કોઈ કોઈ મુનિરાજ છદ્મસ્થ જીવ હોવાથી મોહનીય કર્મના વિવશ વર્તીપણાથી કોઈ સ્થળે ભૂલ કરે, તો તેથી શું સમગ્ર સાધુ મહાત્માઓને તેવા દેખાડવા પ્રયત્ન કરવો તે પંડિતપણાની હદ બતાવે છે. સાધુ જીવન કેટલું આદરણીય, સ્તુતિપાત્ર અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુરકેલ છે તે જો કે શરૂઆતમાં પંડિતજીએ જણાવ્યું છે, પણ ત્યાર પછી કાળી દિશા જોનારાજ જેને ટેવ પડી હોય તેઓ જે પ્રમાણે વર્તે તેમ સાધુઓના છિદ્રો દેખાડનારોજ આખા પેંફ્લેટમાં પ્રયાસ કર્યો છે. સાધુઓને એવા એવા ઉપનામોથી સંબોધ્યા છે કે જે વાંચતાં શાસનરસિક અને જૈન ધર્મની ઉન્નતિ ચાહનાર બંધુઓનું હૃદય કકળ્યા વગર રહેતું નથી; વિદ્વાન્ પંડિતજીને સાધુ અને ગુરૂદેવોમાં દુર્ગુણોજ માલુમ પડ્યા કે કાંઈ સદ્ગુણો પણ માલુમ પડ્યા ? તે જણાવવાની કૃપા કરી હોત તો તેમનું પેંફ્લેટ કાંઈક ઉપકારક થાત તેમ અમને લાગે છે.

સાંભળવા પ્રમાણે એમાં લખેલું નામ કૃત્રિમ છે તો જે વ્યક્તિએ એ અકાર્ય કર્યું હોય તેણે શરમાવા જેવું છે. નિર્ભયના નામથી પણ એવુંજ અયોગ્ય પેંફ્લેટ બહાર પડ્યું છે. આવા પેંફ્લેટો માત્ર તેના પ્રસિદ્ધકર્ત્તાની ભવવૃદ્ધિના સૂચક છે.

આવી રીતે સાધુજીવનની કાળી દિશાનો એકદમ મિથ્યા દેખાવ કરવો તેમાં ફાયદો શું ? તેની અમને તો ખબર પડતી નથી. જે ઉત્કૃષ્ટ ચારિત્ર અને ઉત્તમ વર્તન કેટલાએક મુનિ મહારાજાઓ અને સાધ્વીજીઓ રાખે છે, જે ઉત્તમ પંથે તેઓ પ્રવર્તે છે તેમાંથી કયા માર્ગની શ્રેણિ ઉપર આવા પંડિતો અગર સાધુ મુનિરાજની નિંદા કરનારા હશે તેનો વિચાર કરતાં શૂન્ય સિવાય કાંઈ આવવા સંભવ નથી. સાધુઓ અને સાધ્વીજીઓનાં મુખ્ય કાર્યો આત્માર્થી જીવન ગાળવું, આત્મોન્નતિ કરવી, પરોપદેશ આપી પરાત્માને સન્માર્ગે ચલાવવા અને જિનશાસનને-જિનેશ્વર ભગવંતના પ્રરૂપિત ધર્મને બાધ ન આવે તેવી રીતે પ્રરૂપણા કરવી અને બાધ આવતો જણાય ત્યાં પોતાનો સ્પષ્ટ વિરોધ બતાવવો. અમુક બાબત પંડિતજી અગર તેને અનુસરે તેવા વિચારો ધરાવનારા માનતા હોય તે કરતાં જુદી દિશાએ સાધુ મુનિ મહારાજાઓ વિચાર બતાવે કે વર્તન કરે, શાસનની હેલણા થતી દેખી શાસનરસિકોનું હૃદય બળે તેથી સાચી વાત જણાવવા પ્રયત્ન કરે એટલે પંડિતજી જેવા વિદ્વાન્ ગણાવા ઇચ્છતા માણસો ગમે તે શબ્દોમાં ગમે તેવી જાતનું લખાણ કરે તે શું ચલાવી લેવા લાયક અગર આનંદથી વાંચવા લાયક છે ? કદાચ કોઇ સ્થળે ઉચ્ચ જ્ઞાનના અભાવે મુનિ મહારાજાઓ પણ ભૂલ કરે-નજ કરે તેવું છદ્મસ્થાવસ્થામાં કોઈ માટે કહી શકાય તેવું નથી, તેથી તેમને પેટભરા, લાલચુ, દાંભિક એવા ઉપનામોથી અલંકૃત કરવા તે શું વ્યાજબી અને ડાહ્યા માણસનું કામ છે ? આવા પંડિતોને કદી પણ વિદ્વાન્ મુનિમહારાજાઓ તરફથી અપાતો ઉપદેશ સાંભળવાનો કે બોધામૃત પીવાનો પ્રસંગ નહિજ આવ્યો હોય, નહિ તો જે હજારો જીવોને ઉપદેશામૃતથી તેઓ પવિત્ર કરે છે અને સન્માર્ગે દોરે છે તેવા ઉત્તમ કાર્યના બદલામાં આવું હલકાઇ દેખાડનારું લખવા તેઓ કદાપિ તૈયાર થાત નહિ એવી અમારી માન્યતા છે. સાધુધર્મ ઉપર દ્વેષ કરાવનાર, અધોગતિએ દોરી જનાર અને શાસનરસિકોને ખેદ ઉપજાવનાર આવા પેંફ્લેટો માટે જેટલો તિરસ્કાર

For Private And Personal Use Only